# લગ્ન સંસ્કાર પદ્ધતિ



— બ્રહ્મવર્ચસ

# લગ્નસંસ્કાર પદ્ધતિ

**: લેખક :**

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**


પ્રકાશક

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

**: પ્રાપ્તિસ્થાન :**

**ગાયત્રી જ્ઞાનપીઠ**

**પાટીદાર સોસાયટી, જૂના વાડજ,**

**અમદાવાદ-૩૮૦ ૦૧૩**

**ફોન : ૨૭૫૫૭૨૫૨**

**સુધારેલી આવૃત્તિ - ૨૦૧૪** **કિંમત રૂા. ૧૨.૦૦**

**પ્રકાશક :**
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા-૨૮૧૦૦૩

**લેખક :**
**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

**પ્રાપ્તિસ્થાન :**
**ગાયત્રી જ્ઞાનપીઠ પાટીદાર સોસાયટી,**
**જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩**
**ફોન : ૨૭૫૫૭૨૫૨**

**મુદ્રક :**
યુગ નિર્માણ યોજના પ્રેસ,
ગાયત્રી તપોભૂમિ, મથુરા-૨૮૧૦૦૩

# લગ્નસંસ્કાર પદ્ધતિ

**સંસ્કારનો હેતુ :** - લગ્ન બે આત્માઓનું પવિત્ર મિલન છે. બે જીવો પોતાની અલગતાને સમાપ્ત કરી એક બનીને રહે છે. સ્ત્રી અને પુરુષ બંનેમાં ઈશ્વરે કેટલીક વિશેષતાઓ અને અપૂર્ણતાઓ રાખી છે. લગ્નસંબંધ દ્વારા તેઓ એકબીજાની અપૂર્ણતાઓને પોતાની વિશેષતાથી પૂર્ણ કરે છે. આનાથી એક અખંડ વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. એટલા માટે લગ્નને માનવજીવનની એક મહત્ત્વની જરૂરિયાત ગણવામાં આવે છે. એકબીજાને પોતાની યોગ્યતાઓ અને ભાવનાઓનો લાભ પહોંચાડતા પહોંચાડતાં ગાડીનાં બે પૈડાંની માફક પ્રગતિના માર્ગે આગળ વધતા રહેવું એ લગ્નનો હેતુ છે. દાંપત્યજીવનમાં વાસનાનું તો અત્યંત તુચ્છ અને ગૌણ સ્થાન છે. મુખ્ય હેતુ તો બે આત્માઓના મળવાથી ઉત્પન્ન થતી મહાન શક્તિનું નિર્માણ કરવાનો છે, જે બંનેના લૌકિક અને આધ્યાત્મિક જીવનના વિકાસમાં સહાયક સાબિત થઈ શકે.

**લગ્નનું સ્વરૂપ :** - આજે લગ્નો વાસનાપ્રધાન બનતાં જાય છે. રંગ, રૂપ અને પહેરવેશના આકર્ષણને પતિપત્નીની પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવી રહી છે. આ ખૂબ ભયંકર બાબત છે. જો લોકો આ રીતે વિચારતા રહેશે તો દાંપત્યજીવન શરીરપ્રધાન બની જશે અને તે એક પ્રકારના વ્યભિચારનું રૂપ ધારણ કરી લેશે. ભારતની સ્થિતિ પણ પશ્ચિમના દેશો જેવી થઈ જશે. શારીરિક આકર્ષણ ખલાસ થઈ જતાં લગ્નો જલદી તૂટી જાય છે. આજે પત્નીની પસંદગી શારીરિક આકર્ષણને ધ્યાનમાં રાખીને કરવાનો રિવાજ ચાલ્યો છે. થોડા દિવસો પછી આનાથી ઊલટું થવા માંડશે

અને છોકરી રૂપાળા પતિની પસંદગી કરવા લાગશે ત્યારે કદરૂપા પુરુષોને કોઈ પત્ની પસંદ નહિ કરે અને એમને દાંપત્યસુખથી વંચિત રહેવું પડશે. આ અનર્થકારી પ્રવૃત્તિને વેળાસર રોકવી જોઈએ અને શારીરિક આકર્ષણની ઉપેક્ષા કરીને પહેલાંની જેમ સદ્‌ગુણો તથા સદ્‌ભાવનાઓને જ લગ્નનો આધાર બનાવવો જોઈએ. શરીરનું નહિ, આત્માનું સૌંદર્ય જોવું જોઈએ અને સાથીદારમાં જે ખામી હોય તેને પ્રેમ, સહાનુભૂતિ, આત્મીયતા અને વિશ્વાસના વાતાવરણમાં શક્ય હોય તે રીતે સુધારવી જોઈએ. આ જ રીતિનીતિ ઉપર દાંપત્યજીવનની સફળતા ટકેલી છે. તેથી પતિપત્નીએ એકબીજા પ્રત્યેનું શારીરિક આકર્ષણ છોડીને એકબીજા પ્રત્યે આત્મસમર્પણ કરવાની અને સંયુક્ત શક્તિ પેદા કરવાની તથા જીવનવિકાસ કરવાની વાત વિચારવી જોઈએ.

પસંદગી કરતાં સુધી સાથીદારને પસંદ કરવા કે ન કરવાની છૂટ છે. જે કંઈ જોવાનું હોય તે કામ લગ્ન પહેલાં પૂરું કરી લેવું જોઈએ. જો લગ્ન થઈ જ ગયું હોય તો પછી એવું કહી જ ન શકાય કે ભૂલ થઈ ગઈ. સાથીદારથી ઉપેક્ષા તથા અવગણના કરી જ ન શકાય. જેવા સાથીદાર સાથે લગ્નસંબંધથી બંધાયા હોઈએ તેને પોતાના તરફથી કર્તવ્યપાલન ગણીને પૂરું કરવાનો જ એકમાત્ર રસ્તો રહે છે. આ કારણે જ લગ્નસંસ્કારનું આયોજન કરવામાં આવે છે.

સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓની, ગુરુજનોની, કુટુંબીઓ તથા સંબંધીઓની અને દેવતાઓની હાજરી આ ધર્માનુષ્ઠાનના પ્રસંગે એટલા માટે જરૂરી ગણવામાં આવે છે કે જો બેમાંથી કોઈ પણ આ કર્તવ્યબંધનની અવગણના કરે, તો તેને તેઓ રોકે અને શિક્ષા કરે. પતિપત્ની આ વ્યક્તિઓની

રૂબરૂમાં પોતાના નિશ્ચયની તથા પ્રતિજ્ઞાની જાહેરાત કરે છે. **આમ લગ્નસંસ્કાર સાચા અર્થમાં તો એક પ્રતિજ્ઞા સમારોહ છે.** આ પ્રસંગે બંનેએ એવી ભાવનાઓ ઊંડે સુધી પોતાના મનમાં ઉતારવી જોઈએ કે તેઓ જુદા વ્યક્તિત્વની સત્તા સમાપ્ત કરીને એક બની રહ્યાં છે. કોઈ કોઈની ઉપર હુકમ ચલાવશે નહિ કે ન તેને દાબમાં રાખીને લાભ અગર અહંકારને પોષશે. તેઓ પોતાના સાથીદારને સુખ મળે એવો વ્યવહાર કરશે. બંને પોતાની ઈચ્છાઓ તથા જરૂરિયાતોને ગૌણ માનીને સાથીદારની જરૂરિયાતોને મુખ્ય માનશે અને સેવાસહાયતાનો ભાવ રાખશે, ઉદારતા અને સહાનુભૂતિથી વર્તશે, તો જ એમના ગૃહસ્થજીવનનો રથ સારી રીતે આગળ વધશે. આ તથ્યને બંનેએ સારી રીતે હૃદયમાં ઉતારી લેવું જોઈએ. બંનેએ આ રીતિનીતિને જિંદગીભર અપનાવી રાખવાનું વ્રત ધારણ કરવું જોઈએ. એના માટે આ પુણ્ય સંસ્કાર કરાવવામાં આવે છે.

આ વાતને બંને સારી રીતે સમજી લે અને સાચા મનથી સ્વીકારી લે તો જ લગ્નબંધનમાં બંધાયાં ગણાય. લગ્નસંસ્કાર શરૂ કરતાં પહેલાં અથવા લગ્નવેદી પર બેસાડીને બંનેને આ તથ્ય સારી રીતે સમજાવી દેવું જોઈએ અને તેમની સહમતિ મેળવવી જોઈએ. જો બંને આ આદર્શોને સ્વીકારવાની હાર્દિક સંમતિ તથા સ્વીકૃતિ આપે તો જ લગ્નસંસ્કારનું કામ આગળ વધારવું જોઈએ.

**વિશેષ વ્યવસ્થા :** - લગ્નસંસ્કારમાં દેવપૂજન, યજ્ઞ વગેરેની બધી વ્યવસ્થા પહેલેથી જ કરી લેવી જોઈએ. સામૂહિક લગ્નો હોય તો દરેક જોડા પ્રમાણે ગણતરીથી દરેક વેદી ઉપર જરૂરી વસ્તુઓ રહેવી જોઈએ. કર્મકાંડ બરાબર ચાલે એટલા માટે દરેક વેદી ઉપર એક જાણકાર વ્યક્તિને બેસાડવી જોઈએ. એક જ લગ્ન

હોય તો આચાર્ય જાતે જ દેખરેખ રાખી શકે છે. સામાન્ય વ્યવસ્થા સાથે વિશેષ કર્મકાંડ માટે જે વસ્તુઓની જરૂર પડે છે તેની પર શરૂઆતમાં જ નજર કરી લેવી જોઈએ. તે નીચે પ્રમાણે છે :

(૧) વરસત્કાર માટે સામગ્રીની એક થાળી રાખવી, જેથી હાથપગ ધોવાની ક્રિયામાં પાણી નીચે ના ઢોળાય. મધુપર્કપાન પછી હાથ ધોવડાવીને તે લઈ લેવી જોઈએ.

(૨) યજ્ઞોપવીત - પીળા રંગથી રંગેલી યજ્ઞોપવીતની એક જોડ રાખવી જોઈએ.

(૩) વિવાહની જાહેરાત માટે : વર તથા કન્યા પક્ષની પૂરી માહિતી પહેલેથી નોંધી લેવી જોઈએ.

(૪) વસ્ત્રોપહાર તથા પુષ્પોપહારની વ્યવસ્થા તૈયાર રાખવી.

(૫) કન્યાદાનમાં હાથ પીળા કરવા હળદર, ગુપ્તદાન માટે પાશેર લોટનો લાડુ રાખવો. અંદર એક રૂપિયાનો સિક્કો મૂકવો.

(૬) ગ્રંથિબંધન (છેડાબાંધવા) માટે હળદર, ફૂલ, ચોખા, ધરો અને એક રૂપિયાનો સિક્કો - આ પાંચ કલ્યાણકારક દ્રવ્યો રાખવાં.

(૭) શિલારોહણ માટે સપાટ પથ્થરનો ટુકડો રાખવો.

(૮) હવનસામગ્રીની સાથે વધારામાં લાજાહોમ માટે ડાંગર રાખવી.

(૯) વરવહુને આશીર્વાદ આપવા માટે ફૂલ પૂરતા પ્રમાણમાં રાખવાં.

(૧૦) પહેલેથી જ વાતાવરણ એવું બનાવવું જોઈએ કે સંસ્કાર વખતે વર અને કન્યા પક્ષના વધારેમાં વધારે સંબંધીઓ તથા સ્નેહીઓ હાજર રહે.

(૧૧) બધાના ભાવસંયોગથી કર્મકાંડના હેતુમાં રચનાત્મક સહયોગ મળે છે. એના માટે દરેકને આગ્રહ કરવો જોઈએ.

(૧૨) લગ્ન પહેલાં યજ્ઞોપવીત સંસ્કાર થઈ જ જાય છે. કુંવારાએ એક અને પરણેલાએ બે જનોઈ પહેરવાનો નિયમ છે.

(૧૩) જો યજ્ઞોપવીત સંસ્કાર ન થયા હોય તો કરવા અને યજ્ઞોપવીત સંસ્કાર થઈ ગયા હોય તો એકની જગ્યાએ બે જનોઈ વિધિસર પહેરાવવી જોઈએ. વધારે સારું તો એ છે કે જે શુભ દિવસે લગ્નસંસ્કાર થવાના હોય તે દિવસે સવારમાં યજ્ઞોપવીત ધારણ કરવાનો ક્રમ વ્યવસ્થિત રીતે કરવામાં આવે. લગ્નસંસ્કાર માટે સજ્જ થયેલા વરનાં કપડાં વગેરે ઉતરાવીને યજ્ઞોપવીત પહેરાવવાનું અટપટું જણાય છે. એટલા માટે એ પ્રકરણને પહેલાં જ પૂરું કરી લેવું વધુ હિતાવહ છે. જો તે શક્ય ન હોય તો લગ્નવિધિ વખતે કપડાં ઉપર જ જનોઈ પહેરાવી દેવી જોઈએ, જે લગ્નસંસ્કાર પછી શરીર ઉપર ધારણ કરવાની સૂચના આપવી.

(૧૪) જ્યાં મુખ્ય સંસ્કારની પહેલાં દ્વારપૂજાનો રિવાજ હોય ત્યાં જો વાતાવરણ યોગ્ય હોય તો સ્વાગત તથા વસ્ત્ર ઉપહારવાળાં પ્રકરણો તે સમયે પૂરાં કરાવી શકાય. માંડવામાં આસન પર બેસાડીને વરનો સત્કાર કરવામાં આવે. પછી કન્યાને બોલાવી એકબીજાને વસ્ત્ર અને ફૂલહાર અર્પણ કરાવવાં. રૂઢિગત રીતે આપવામાં આવતા અભિનંદનપત્ર વગેરે પણ એ પ્રસંગે આપી શકાય.

(૧૫) કૌટુંબિક સ્તરે સંપન્ન કરવામાં આવતાં લગ્નોમાં કેટલીકવાર કન્યાપક્ષવાળા કોઈક સામાજિક રિવાજ માટે આગ્રહ કરે છે. જો એવો આગ્રહ હોય તો

પહેલાં નોંધ કરી લેવી જોઈએ તથા સમજી લેવો જોઈએ. કર્મકાંડના મુખ્ય પ્રવાહમાં તેને કુશળતાપૂર્વક જોડી દેવો જોઈએ.

## કર્મકાંડ

લગ્નની વેદી પર વર અને કન્યા બંનેને બોલાવવાં. પ્રવેશની સાથે જ મંગલાચરણ **'ભદ્રં કર્ણેભિઃ'** મંત્ર બોલતાં બોલતાં તેમની પર ચોખા નાખવામાં આવે. કન્યા જમણી બાજુ અને વર ડાબી બાજુ બેસે. કન્યાદાન કરનારા પ્રતિનિધિ કન્યાના પિતા કે ભાઈ જે હોય તેમને પત્ની સહિત કન્યાની બાજુએ બેસાડવામાં આવે. બધાંની સામે પંચપાત્ર વગેરે સાધનો રાખવામાં આવે. પવિત્રીકરણ, આચમન, શિખાબંધન, પ્રાણાયામ, ન્યાસ, પૃથ્વીપૂજન વગેરે ષટ્કર્મ (બ્રહ્મસંધ્યા) કરાવવાં.

### ॥ મંગલાચરણમ્ ॥

**ૐ ભદ્રં કર્ણેભિઃ શૃણુયામ દેવા, ભદ્રમ્પશ્યેમાક્ષભિર્યજત્રાઃ । સ્થિરૈ રંગૈસ્તુષ્ટુવા, ꣳ સસ્તનૂભિઃ, વ્યશેમહિ દેવ હિતં યદાયુઃ ॥**

### ॥ પવિત્રીકરણમ્ ॥

ડાબા હાથમાં પાણી લઈ જમણો હાથ ઢાંકી દો. મંત્ર બોલ્યા પછી મસ્તક અને શરીર પર છાંટો.

**ૐ અપવિત્રઃ પવિત્રો વા, સર્વાવસ્થાં ગતોઽપિવા ।**
**યઃ સ્મરેત્પુંડરીકાક્ષં, સ બાહ્યાભ્યન્તરઃ શુચિઃ ॥**
**ૐ પુનાતુ પુણ્ડરીકાક્ષઃ, પુનાતુ પુણ્ડરીકાક્ષઃ, પુનાતુ ॥**

## ॥ આચમનમ્ ॥

નીચેના મંત્રો દ્વારા ત્રણવાર પાણી પીવો. સ્વાહા બોલાય ત્યારે પીવું.

ૐ અમૃતોપસ્તરણમસિ સ્વાહા ॥૧॥
ૐ અમૃતાપિધાનમસિ સ્વાહા ॥૨॥
ૐ સત્યં યશઃ શ્રીર્મયિ, શ્રીઃ શ્રયતાં સ્વાહા ॥ ૩ ॥

(હાથ ધોઈ નાખો.)

## ॥ શિખાવંદનમ્ ॥

નીચેના મંત્ર દ્વારા ચોટલીમાં ગાંઠ લગાવો અથવા ડાબા હાથમાં પાણી લઈ જમણા હાથની પાંચે આંગળી બોળી ચોટલીને પાણીનો સ્પર્શ કરો.

ૐ ચિદ્રૂપિણી મહામાયે, દિવ્યતેજઃ સમન્વિતે ।
તિષ્ઠ દેવિ શિખામધ્યે, તેજોવૃદ્ધિં કુરુષ્વ મે ॥

## ॥ પ્રાણાયામઃ ॥

મંત્ર દરમિયાન ઓછામાં ઓછો એક પ્રાણાયામ કરો.

ૐ ભૂઃ ૐ ભુવઃ ૐ સ્વઃ ૐ મહઃ, ૐ જનઃ ૐ તપઃ ૐ સત્યમ્ । ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો યો નઃ પ્રચોદયાત્ । ૐ આપોજ્યોતીરસોऽમૃતં બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વઃ ૐ ॥

## ॥ ન્યાસઃ ॥

ત્યારબાદ ડાબા હાથની હથેળીમાં થોડું પાણી લઈ જમણા હાથની આંગળીઓ બોળી નીચેના મંત્રોથી શરીરનાં જુદાં જુદાં અંગોનો સ્પર્શ કરો અને સાથે જ એવી ભાવના કરો કે એ બધાં અંગો શક્તિશાળી, પવિત્ર અને તેજસ્વી બની રહ્યાં છે.

ॐ વાઙ્મે આસ્યેઽસ્તુ ।   (મુખે)

ॐ નસોર્મે   પ્રાણોઽસ્તુ ।(નાસિકાનાં બન્ને છિદ્રોને)

ॐ   અક્ષ્ણોર્મે   ચક્ષુરસ્તુ ।   (બન્ને નેત્રોને)

ॐ   કર્ણયોર્મે   શ્રોત્રમસ્તુ ।   (બન્ને કાનોને)

ॐ   બાહ્વોર્મે   બલમસ્તુ ।   (બન્ને બાહુઓને)

ॐ ઊર્વોર્મે   ઓજોઽસ્તુ ।   (બન્ને જાંઘોને)

ॐ અરિષ્ટાનિ મેઙ્ગાંનિ, તનૂસ્તન્વા મે સહ સન્તુ ।

બાકીનું જળ સમગ્ર શરીર પર છાંટી દો.

## ॥ પૃથ્વી પૂજનમ્ ॥

નીચેના મંત્ર દ્વારા પાણી લઈ પૃથ્વી પર ચઢાવો અને ત્યાં અબીલ, ગુલાલ, ફૂલ, ચોખા વગેરે ચઢાવો.

**ॐ પૃથ્વિ ! ત્વયા ધૃતા લોકા, દેવિ ! ત્વં વિષ્ણુના ધૃતા ।**
**ત્વં ચ ધારય માં દેવી ! પવિત્રં   કુરુ   ચાસનમ્ ॥**

## ॥ વરસત્કાર ॥

અતિથિના રૂપમાં આવેલા વરનું સ્વાગત કરવામાં આવે છે. (૧) આસન (૨) પાદ્ય, (૩) અર્ઘ્ય, (૪) આચમન, (૫) નૈવેદ્ય વગેરે નક્કી કરેલા મંત્રો વડે આપવામાં આવે.

**દિશા અને પ્રેરણા :** વરનો અતિથિના રૂપે સત્કાર કરવામાં આવે છે. ગૃહસ્થાશ્રમમાં ગૃહલક્ષ્મીનું મહત્ત્વ સર્વોપરી છે. વર અને એમના હિતેચ્છુ કુટુંબીઓ વહુને માનપૂર્વક લઈ જવા કન્યાના પિતાની પાસે સામે ચાલીને આવે છે. શ્રેષ્ઠ હેતુ માટે સદ્ભાવનાપૂર્વક આવેલા અતિથિઓનું સ્વાગત કરવું તે કન્યાપક્ષની ફરજ બની જાય છે. બંને પક્ષોએ પોતપોતાના આ સદ્ભાવોને જાગૃત રાખવા જોઈએ.

★ વરનો અર્થ થાય છે શ્રેષ્ઠ, સ્વીકારવા યોગ્ય. કન્યાપક્ષ વરને પોતાની કન્યાને અનુરૂપ શ્રેષ્ઠ વ્યક્તિ માનીને જ સંબંધ સ્વીકાર કરે

એવો શ્રેષ્ઠ ભાવ રાખવાની સાથે સ્વાગત કરે અને ભગવાનને પ્રાર્થના કરે કે આ ભાવ હંમેશાં જાળવી રાખવામાં સહાયરૂપ બને.

★ પરંતુ વરપક્ષ સન્માન મેળવીને ખોટો અહંકાર ન વધારે. જે માનવીય ગુણોના કારણે શ્રેષ્ઠ સમજીને વરનું સ્વાગત કરવાની વ્યવસ્થા ઋષિઓએ બનાવી છે તે શાલીનતા, જવાબદારી, આત્મીયતા, સહકાર જેવા ગુણોને એટલા જીવંત બનાવી રાખવામાં આવે કે કન્યાપક્ષની શ્રદ્ધા એમના પ્રત્યે વધતી જ રહે. જો આવું બની શકે તો અરસપરસના સંબંધોમાં દેવો જેવો સ્નેહ અને મધુરતાનો સંચાર થતો રહેશે.

★ આ દિવ્ય ભાવો માટે સૌથી વધારે ઘાતક છે સ્વાર્થયુક્ત લેવડદેવડનો આગ્રહ. દહેજ, કરિયાવર, ઘરેણાં વગેરેના નામે જો એકબીજા પર દબાણ કરવામાં આવે તો સદ્ભાવ નામની વસ્તુ નષ્ટ થઈ જાય છે તથા દ્વેષ અને બદલાનો ખરાબ ભાવ જાગે છે. વરવહુ અને બંને પરિવાર સુખકારક ભવિષ્યને ધ્યાનમાં રાખીને આવા અપ્રિય પ્રસંગોને ઝેર માનીને હંમેશાં એમનાથી દૂર રહે તે જરૂરી છે.

★ ધ્યાનમાં રાખવું જોઈએ કે સ્થૂળ ક્રિયાઓ જ નહિ, પરંતુ હૃદયના ભાવોને મુખ્ય ગણવામાં આવે છે અને એની સાથે જ નક્કી કરેલ વિધિ પૂરી કરવામાં આવે.

**ક્રિયા અને ભાવના :** સ્વાગત કરનાર હાથમાં ચોખા લઈ ભાવના કરે કે વરની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું સ્વાગત કરી રહ્યા છે. દેવશક્તિઓ તેને વધારવામાં સહયોગ આપે. નીચેનો મંત્ર બોલો -

**ૐ સાધુ ભવાન્ આસ્તામ્ અર્ચયિષ્યામો ભવન્તમ્ ।**

વર જમણા હાથમાં ચોખાનો સ્વીકાર કરતાં ભાવના કરે કે સ્વાગત કરનારની શ્રદ્ધા મેળવતા રહીને યોગ્ય વ્યક્તિત્વ

બનાવી રાખવાની જવાબદારીનો સ્વીકાર કરી રહ્યા છે. વર ચોખા લેતાં બોલે - **ૐ અર્ચય: ।**

**આસન :** સ્વાગત કરનાર આસન અથવા એનું પ્રતીક (દર્ભ યા ફૂલ) હાથમાં લઈને નીચેનો મંત્ર બોલાય ત્યારે ભાવના કરે કે વરને શ્રેષ્ઠતાનો આધાર પ્રાપ્ત થાય. અમારો સ્નેહ તેમને મળતો રહે.

**ૐ વિષ્ટરો, વિષ્ટરો, વિષ્ટર:, પ્રતિગૃહ્યતામ્ ।**

વર કન્યાના પિતા પાસેથી આસન લેતાં કહે -

**ૐ પ્રતિગૃહ્ણામિ ।** - પા ૨૦ ગૃ.૧/૩/૭

એને ભાવનાપૂર્વક પાથરીને બેસી જાય. આ બેસવાની ક્રિયા સાથે નીચેનો મંત્ર બોલવામાં આવે -

**ૐ વર્ષ્મોઽસ્મિ સમાનાનામુદ્યતામિવ સૂર્ય: ।**
**ઈમન્તમભિતિષ્ઠામિ યો .મા કશ્ચાભિદાસતિ ॥**

**પાદ્ય :** સ્વાગત કરનાર પગ ધોવા માટે એક નાના વાસણમાં પાણી લે અને ભાવના કરે કે ઋષિઓના આદર્શો મુજબ સદ્‌ગૃહસ્થ બનવાની દિશામાં આગળ વધતા પગ પૂજન કરવા યોગ્ય છે. મંત્ર બોલો :

**ૐ પાદ્યં, પાદ્યં, પાદ્યં, પ્રતિગૃહ્યતામ્** પાર. ગૃ. ૧/૩/૯

વર કહે -

**ૐ પ્રતિગૃહ્ણામિ ।** પાર. ગૃ. ૧/૩/૭

વર ભાવના કરે કે આદર્શોની દિશામાં જ કદમ વધારવાનો ઉમંગ ઈષ્ટદેવ જાગૃત રાખે. પગ ધોવાની ક્રિયાની સાથે નીચેનો મંત્ર બોલો -

**ૐ વિરાજો દોહોઽસિ, વિરાજો દોહમશીય મયિ, પાદ્યાયૈ વિરાજો દોહ: ।** પાર. ગૃ. ૧/૩/૧૧

**અર્ઘ્ય :** સ્વાગત કરનાર ચંદનમિશ્રિત સુગંધિત જળ

વાસણમાં લઈ ભાવના કરે કે સત્પુરુષાર્થમાં જોડાવાના સંસ્કાર વરના હાથમાં જાગૃત કરવાના હેતુથી અર્ઘ્ય આપી રહ્યો છું. કહો -

**ૐ અર્ઘ્યો, અર્ઘ્યો, અર્ઘ:, પ્રતિગૃહ્યતામ્**

જળપાત્ર હાથમાં લેતાં વર કહે -

**ૐ પ્રતિગૃહ્ણામિ ।** -પાર. ગૃ. ૧/૩/૭

વર ભાવના કરે કે સુગંધિત પાણી સત્પુરુષાર્થ કરવાના સંસ્કાર આપી રહ્યું છે. જળથી હાથ ધોવા. ક્રિયાની સાથે નીચેનો મંત્ર બોલવામાં આવે -

**ૐ આપ:સ્થ યુષ્માભિ: સર્વાન્કામાનવાપ્નવાનિ ।**
**ૐ સમુદ્રં વ: પ્રહિણોમિ સ્વાં યોનિમભિગચ્છત ।**
**અરિષ્ટાઅસ્માકં વીરા મા પરાસેચિ મત્પય: ॥**

**આચમન :** સ્વાગત કરનાર આચમન માટે જળપાત્ર આપે અને ભાવના કરે કે વર (શ્રેષ્ઠ) અતિથિનું મોં ઊજળું રહે. એમની વાણી, એમનું વ્યક્તિત્વ એને અનુરૂપ બની જાય. કહે -

**ૐ આચમનીયમ્, આચમનીયમ્, આચમનીયમ્, પ્રતિગૃહ્યતામ્ ॥**

વર આચમનપાત્રને પોતાના હાથમાં લેતાં કહે -

**ૐ પ્રતિગૃહ્ણામિ ।** પાર. ગૃ. ૧/૩/૭

વર ભાવના કરે કે મન, બુદ્ધિ અને અંત:કરણ સુધી આ ભાવ ભરવાનો પ્રયત્ન કરી રહ્યો છું. ત્રણવાર પાણી પીવું. આચમનની સાથે નીચેનો મંત્ર બોલવામાં આવે -

**ૐ આમાગન્ યશસા સ ઙ્ગ્ સૃજ વર્ચસા । તં મા કુરુ પ્રિયં પ્રજાનામધિપતિં પશૂનામરિષ્ટિં તનૂનામ્ ॥**

**નૈવેદ્ય-મધુપર્ક :** એક પાત્રમાં દૂધ, દહીં, મધ, સાકર અને

તુલસીનાં પાન નાખીને તૈયાર કરવું. સ્વાગત કરનાર એ પાત્ર હાથમાં લે અને ભાવના કરે કે વરની શ્રેષ્ઠતા ટકાવી રાખવા માટે જરૂરી સાત્ત્વિક, સુસંસ્કારી અને આરોગ્યવર્ધક ખોરાક એમને હંમેશાં મળતો રહે. કન્યાદાતા કહે -

**ૐ મધુપર્કો, મધુપર્કો, મધુપર્કઃ, પ્રતિગૃહ્યતામ્**

પાર. ગૃ. ૧/૩/૫/૬

વર પાત્રને સ્વીકારતાં કહે -

**ૐ પ્રતિગૃહ્ણામિ ।** -પાર. ગૃ. ૧/૩/૭

વર મધુપર્કનું પાન કરે. ભાવના કરે કે અભક્ષ્યના કુસંસ્કારોથી બચવાની તથા સત્‌પદાર્થથી સુસંસ્કાર મેળવતા રહેવાની જવાબદારી સ્વીકારી રહ્યો છું. પાન કરતી વખતે નીચેનો મંત્ર બોલવામાં આવે -

**ૐ યન્મધુનો મધવ્યં પરમ ँ રૂપમન્નાદ્યમ્ તેનાહંમધુનો મધવ્યેન પરમેણ, રૂપેણાન્નાદ્યેન પરમો મધવ્યોઽન્નાદોઽસાનિ ।**

ત્યારપછી પાણીથી વર હાથ મોં ધોવે. એ પછી ચંદન ધારણ કરાવો. જો યજ્ઞોપવીત પહેલાં ધારણ ન કરાવી હોય તો યજ્ઞોપવીત પ્રકરણના આધાર પર સંક્ષેપમાં જનોઈ ધારણ કરાવવામાં આવે. એના પછી ક્રમશઃ કલશપૂજન, નમસ્કાર, ષોડશોપચાર પૂજન, સ્વસ્તિવાચન, રક્ષાવિધાન વગેરે સામાન્ય કર્મકાંડ કરાવવાં.

## ॥ નાડાછડી અને ચંદનધારણ ।

ત્યાર પછી આચાર્ય વરકન્યાને નીચેનો મંત્ર બોલતાં બોલતાં નાડાછડી બાંધે.

**ૐ યદાબધ્નન્દાક્ષાયણા, હિરણ્ય ँ શતાનીકાય,**

**સુમનસ્ય માના : । તન્ભડઆબખ્નામિ શત શારદાય આયુષ્માંજરદષ્ટિર્યથા સમ્ ॥**

- યજુ.૩૪-૫૨

રક્ષાસૂત્ર બાંધ્યા પછી વરકન્યાને નીચેનો મંત્ર બોલતાં તિલક કરવું -

**ૐ ગન્ધદ્વારાં દુરાધર્ષાં, નિત્યપુષ્ટાં કરીષિણીમ્ ।**
**ઈશ્વરી સર્વભૂતાનાં, તામિહોપહ્વયે શ્રીયમ્ ॥**

## ॥ યજ્ઞોપવીત ધારણમ્ ॥

નિયમ મુજબ લગ્નસંસ્કાર પહેલાં યજ્ઞોપવીત સંસ્કાર થઈ જાય છે. જો વરને જનોઈ ન આપી હોય તો લગ્ન પહેલાં વિધિસર યજ્ઞોપવીત પહેરાવવામાં આવે છે. અવિવાહિત વ્યકિત એક જનોઈ પહેરે છે, જયારે વિવાહિતને જોટો પહેરાવવામાં આવે છે. લગ્ન પહેલાં વ્યક્તિને ફક્ત પોતાનું જીવન જ યજ્ઞીય પરંપરા મુજબ જીવવાની જવાબદારી હતી, પણ લગ્ન પછી પોતાની ધર્મપત્નીને પણ એ માર્ગ ઉપર આગળ વધારવાની જવાબદારી ઉઠાવવી પડશે. આ ભાવને સતત યાદ રાખવા માટે જનોઈનો જોટો ધારણ કરવો પડે છે. જો કે લગ્ન પહેલાં જનોઈ પહેરાવી દેવી જોઈએ. નીચેના મંત્ર સાથે ક્રિયા પૂરી કરો.

**ૐ યજ્ઞોપવીતં પરમં પવિત્રં પ્રજાપતેર્યત્સહજં પુરસ્તાત્ ।**
**આયુષ્યમગ્ર્યં પ્રતિમુંચ શુભ્રં, યજ્ઞોપવીતં બલમસ્તુ તેજઃ ॥**

## ॥ કલશપૂજનમ્ ॥

નીચેના મંત્રો બોલતાં બોલતાં ફૂલચોખા તથા કંકુથી કળશ દેવતાનું પૂજન કરો.

ૐ તત્ત્વાયામિ બ્રહ્મણા વન્દમાનઃ તદાશાસ્તે યજમાનો હવિર્ભિઃ । અહેડમાનો વરુણેહ બોધ્યુરુશ ઙ્ક્ષ સમાનડ આયુઃ પ્રમોષીઃ ॥

ૐ મનોજૂતિર્જુષતા માજ્યસ્ય, બૃહસ્પતિર્યજ્ઞમિમં તનોત્વરિષ્ટં યજ્ઞ ઙ્ક્ષ સમિમં દધાતુ । વિશ્વે દેવાસડઈહ માદયન્તામો...(૩) મ્પ્રતિષ્ઠ ॥

ૐ વરુણાય નમઃ । વરુણમ્ આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥

ગન્ધાક્ષત, પુષ્પાણિ, ધૂપં, દીપં નૈવેદ્યં સમર્પયામિ ।
તતો નમસ્કારં કરોમિ ॥

હવે હાથ જોડીને કળશદેવતાની પ્રાર્થના કરો -

ૐ કલશસ્ય મુખે વિષ્ણુઃ, કંઠે રુદ્રઃ સમાશ્રિતઃ ।
મૂલે ત્વસ્ય સ્થિતો બ્રહ્મા મધ્યે માતૃગણાઃ સ્મૃતાઃ ॥૧॥
કુક્ષૌ તુ સાગરાઃ સર્વે, સપ્તદ્વીપાઃ વસુન્ધરા ।
ઋગ્વેદોડથ યજુર્વેદઃ, સામવેદો હ્યથર્વણઃ ॥૨॥
અંગૈશ્ચ સહિતાઃ સર્વે, કલશન્તુ સમાશ્રિતાઃ ।
અત્ર ગાયત્રી સાવિત્રી, શાન્તિ પુષ્ટી કરી સદા ॥૩ ॥
ત્વયિ તિષ્ઠન્તિ ભૂતાનિ, ત્વયિ પ્રાણાઃ પ્રતિષ્ઠતાઃ ।
શિવઃ સ્વયં ત્વમેવાસિ, વિષ્ણુસ્ત્વં ચ પ્રજાપતિઃ ॥૪॥
આદિત્યા વસવો રુદ્રા, વિશ્વેદેવાઃ સપૈતૃકાઃ ।
ત્વયિ તિષ્ઠન્તિ સર્વેડપિ, યતઃ કામફલપ્રદાઃ ॥૫॥
ત્વત્પ્રસાદાદિમં યજ્ઞં, કર્તુમીહે જલોદ્ભવ ।
સાન્નિધ્યં કુરુ મે દેવ ! પ્રસન્નો ભવ સર્વદા ॥૬॥

## ॥ દીપ પૂજન ॥

ૐ અગ્નિર્જ્યોતિર્જ્યોતિરગ્નિઃ સ્વાહા । સૂર્યો જ્યોતિર્જ્યોતિઃ સૂર્યઃ સ્વાહા । અગ્નિર્વર્ચ્ચો જ્યોતિર્વર્ચ્ચઃ

**સ્વાહા । સૂર્યો વર્ચ્ચો જ્યોતિર્વર્ચ્ચઃ સ્વાહા । જ્યોતિઃ સૂર્યઃ સૂર્યો જ્યોતિઃ સ્વાહા ।**

હાથમાં ફૂલચોખા લઈ ઉપરના મંત્રથી દીપકનું પૂજન કરાવવું.

## ॥ ગુરુપૂજનમ્ ॥

પરમાત્માની દિવ્ય ચેતનાનો તે અંશ, જે સાધકોને માર્ગદર્શન અને સહયોગ આપવા માટે વ્યક્ત થાય છે તેમનું પૂજન કરો.

**ૐ ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુરેવ મહેશ્વર ।**
**ગુરુરેવ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ ૧ ॥**
**અખંડમંડલાકારં, વ્યાપ્તં યેન ચરાચરમ્ ।**
**તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ ૨ ॥**

**ૐ શ્રી ગુરવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ, પૂજયામિ, તતો નમસ્કારં કરોમિ ।**

## ॥ ગાયત્રી પૂજનમ્ ॥

વેદમાતા, દેવમાતા, વિશ્વમાતા; સદ્જ્ઞાન તથા સદ્ભાવની અધિષ્ઠાત્રી, સૃષ્ટિનું આદિકારણ એવી માતેશ્વરીનું પૂજન.

**આયાતુ વરદે દેવિ! ત્ર્યક્ષરે બ્રહ્મવાદિનિ ।**
**ગાયત્રિચ્છન્દસાં માતઃ, બ્રહ્મયોને નમોડસ્તુ તે ॥**
**આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ ધ્યાયામિ તતો નમસ્કારં કરોમિ.**

ગાયત્રી માતાજીની સ્તુતિ :

**ૐ સ્તુતા મયા વરદા વેદમાતા, પ્રચોદયન્તામ્ પાવમાની દ્વિજાનામ્ । આયુઃ, પ્રાણં, પ્રજાં, પશું, કીર્તિં, દ્રવિણં બ્રહ્મવર્ચસમ્ । મહ્યમ્ દત્વા વ્રજત બ્રહ્મલોકમ્ ।**

## ॥ ગણેશ પૂજનમ્ ॥

વિવેકનું પ્રતીક, વિઘ્નોને દૂર કરનાર, પૂજનીય ગણેશજીનું પૂજન

**ૐ એકદંતાય વિદ્મહે, વક્રતુંડાય ધીમહિ । તન્નો દન્તી પ્રચોદયાત્ ।**

**અભીપ્સિતાર્થ સિદ્ધયર્થં, પૂજિતો યઃ સુરાસુરૈઃ ।**
**સર્વવિઘ્નહરસ્તસ્મૈ, ગણાધિપતયે નમઃ ॥**

**ૐ શ્રીમન્મહાગણાધિપતયે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ, તતો નમસ્કારં કરોમિ.**

## ॥ ગૌરી પૂજનમ્ ॥

શ્રદ્ધા, નિર્વિકારિતા અને પવિત્રતાનું પ્રતીક, માતૃશક્તિ ગૌરીનું પૂજન.

**સર્વમંગલમાંગલ્યે, શિવે સર્વાર્થસાધિકે ! ।**
**શરણ્યે ત્ર્યંબકે ગૌરિ, નારાયણિ ! નમોઽસ્તુ તે ॥**

**ૐ ગિરિજાયૈ વિદ્મહે શિવપ્રિયાયૈ ધીમહિ । તન્નો ગૌરી પ્રચોદયાત્ ॥**

## ॥ સર્વદેવ નમસ્કારમ્ ॥

**ૐ સિદ્ધિ બુદ્ધિ સહિતાય શ્રીમન્મહાગણાધિપતયે નમઃ ।**

**ૐ લક્ષ્મીનારાયણાભ્યાં નમઃ ।**
**ૐ ઉમામહેશ્વરાભ્યાં નમઃ ।**
**ૐ વાણીહિરણ્યગર્ભાભ્યાં નમઃ ।**
**ૐ શચી પુરન્દરાભ્યાં નમઃ ।**
**ૐ માતાપિતૃચરણકમલેભ્યો નમઃ ।**
**ૐ કુલદેવતાભ્યો નમઃ ।**
**ૐ ઈષ્ટદેવતાભ્યો નમઃ ।**
**ૐ ગ્રામદેવતાભ્યો નમઃ ।**

ૐ સ્થાનદેવતાભ્યો નમઃ ।
ૐ વાસ્તુદેવતાભ્યો નમઃ ।
ૐ સર્વેભ્યો બ્રાહ્મણેભ્યો નમઃ ।
ૐ સર્વેભ્યઃ તીર્થેભ્યો નમઃ ।
ૐ એતત્કર્મ પ્રધાન શ્રી ગાયત્રી દેવ્યૈ નમઃ ।
ૐ પુણ્યં પુણ્યાહં દીર્ઘમાયુરસ્તુ ।

## ॥ ષોડશોપચાર પૂજન ॥

એક પાત્રમાં સોપારી લઈ તેમાં દેવોનું આવાહન કરી શ્રદ્ધા પ્રમાણે વસ્તુ મૂકી પૂજન કરવું.

ૐ સર્વેભ્યો દેવેભ્યો નમઃ । આવાહયામિ સ્થાપયામિ ॥૧॥
આસનં સમર્પયામિ ॥૨॥
પાદ્યં સમર્પયામિ ॥૩॥
અર્ઘ્યં સમર્પયામિ ॥૪॥
આચમનમ્ સમર્પયામિ ॥૫॥
પંચામૃત સ્નાનં સમર્પયામિ ॥૬॥
શુદ્ધોદક સ્નાનં સમર્પયામિ ॥૭॥
વસ્ત્રમ્ સમર્પયામિ ॥૮॥
યજ્ઞોપવીતં સમર્પયામિ ॥૯॥
ગન્ધમ્ વિલેપયામિ ॥૧૦॥
પુષ્પાણિ સમર્પયામી ॥૧૧॥
ધૂપમ્ આઘ્રાપયામિ ॥૧૨॥
દીપમ્ દર્શયામિ ॥૧૩॥

નૈવેદ્યં નિવેદયામિ ॥૧૪॥

અક્ષતાન્ સમર્પયામિ ॥૧૫॥

તામ્બૂલપૂગીફલાનિ સમર્પયામિ ॥૧૬॥

દક્ષિણાં સમર્પયામિ ॥૧૭॥

સર્વાભાવે અક્ષતાન્ સમર્પયામિ ॥૧૮॥

તતો નમસ્કાર કરોમિ ।

નમઃ સર્વ હિતાર્થાય જગદાધાર હેતવે ।

સાષ્ટાંગોઽયં પ્રણામસ્તે પ્રયત્નેન મયાકૃતઃ ।

ૐ નમોઽસ્ત્વનન્તાય સહસ્રમૂર્તયે,

સહસ્રપાદાક્ષિશિરોરુબાહવે ।

સહસ્રનામ્ને પુરુષાય શાશ્વતે,

સહસ્રકોટિયુગધારિણે નમઃ ॥

## ॥ સ્વસ્તિવાચનમ્ ॥

હાથમાં પાણી, પુષ્પ અને ચોખા લઈ સ્વસ્તિવાચન બોલવામાં આવે. આ શુભકાર્યોની સફળતા, શાંતિ અને સમર્થતાનું દર્શક છે અને માંગલિક કાર્યો માટેના કલ્યાણકારક મંત્રો છે.

ૐ ગણાનાં ત્વા ગણપતિ ઁ હવામહે, પ્રિયાણાં ત્વા પ્રિયપતિ ઁ હવામહે, નિધીનાં ત્વા નિધિપતિ ઁ હવામહે, વસોમમ । આહમજાનિ ગર્ભધમા ત્વમજાસિ ગર્ભધમ્ ॥ ૧ ॥

ૐ સ્વસ્તિ ન ઙઈન્દ્રો વૃદ્ધશ્રવાઃ, સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ । સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યોઽઅરિષ્ટનેમિઃ, સ્વસ્તિ નો બૃહસ્પતિર્દધાતુ ॥૨॥

ૐ પયઃ પૃથિવ્યાં પયડઓષધીષુ, પયોદિવ્યન્તારિક્ષે પયોધાઃ । પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહ્યમ્ ॥૩॥

ૐ વિષ્ણો રરાટમસિ વિષ્ણોઃ, શ્નપ્ત્રેસ્થોઃ વિષ્ણોઃ સ્યૂરસિ વિષ્ણોર્ધ્રુવોડસિ, વૈષ્ણવમસિ વિષ્ણવે ત્વા ॥૪॥

ૐ અગ્નિર્દેવતા વાતો દેવતા, સૂર્યોદેવતા ચન્દ્રમા દેવતા, વસવો દેવતા, રુદ્રાદેવતા, ડડઆદિત્યા દેવતા, મરુતો દેવતા વિશ્વેદેવા દેવતા, બૃહસ્પતિર્દેવતેન્દ્રો દેવતા, વરુણો દેવતા ।૫॥

ૐ દ્યૌઃ શાંતિરન્તારિક્ષ ૹ શાંતિઃ, પૃથિવી શાંતિરાપઃ, શાંતિ રોષધયઃ શાંતિઃ । વનસ્પતયઃ શાંતિર્વિશ્વેદેવાઃ, શાંતિર્બ્રહ્મ શાંતિઃ, સર્વ ૹ શાંતિઃ, શાંતિરેવ શાંતિઃ, સા મા શાંતિરેધિ ॥૬॥

ૐ વિશ્વાનિ દેવ સવિતર્દુરિતાની પરાસુવ । યદ્ભદ્રં તન્નડ આ સુવ ॥ ૭ ॥

ૐ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ ।
સર્વારિષ્ટ સુશાંતિર્ભવતુ ॥

## ॥ રક્ષાવિધાનમ્ ॥

આત્મરક્ષા અને યજ્ઞકાર્યના રક્ષણ માટે રક્ષાવિધાન કરવામાં આવે છે. યજ્ઞકાર્યમાં આસુરી શક્તિઓ ખૂબ વિઘ્ન નાખે છે. પ્રાચીન સમયમાં પણ રાક્ષસો યજ્ઞભંગ કરવા માટે પ્રયત્ન કરતા હતા. શુભ કાર્યોમાં કંઈકનું કંઈક વિઘ્ન આવે છે. એનાથી રક્ષણ કરવા રક્ષાવિધાન કરવામાં આવે છે. જળ, સરસવ અથવા ચોખાને નીચેના મંત્રોથી દશે દિશામાં બતાવ્યા પ્રમાણે ફેંકી ભાવના કરો કે એ દિશાએથી ભગવાન યજ્ઞનું રક્ષણ કરશે.

**ૐ પૂર્વે રક્ષતુ વારાહઃ, આગ્નેય્યાં ગરુડધ્વજઃ ।**
**દક્ષિણે પદ્મનાભસ્તુ, નૈર્ઋત્યાં મધુસૂદનઃ ॥૧॥**
**પશ્ચિમે ચૈવ ગોવિન્દો, વાયવ્યાં તુ જનાર્દનઃ ।**
**ઉત્તરે શ્રીપતી રક્ષેદ્, ઐશાન્યાં હિ મહેશ્વરઃ ॥૨॥**
**ઊર્ધ્વં રક્ષતુ ધાતા વો, હ્યધોઽનન્તશ્ચ રક્ષતુ ।**
**અનુક્તમપિ યત્ સ્થાનં, રક્ષત્વીશો મમાદ્રિધૃક્ ॥૩॥**
**અપસર્પન્તુ તે ભૂતા, યે ભૂતા ભૂમિસંસ્થિતા ।**
**યે ભૂતા વિઘ્નકર્તારઃ, તે ગચ્છન્તુ શિવાજ્ઞયા ॥૪॥**
**અપક્રામન્તુ ભૂતાનિ, પિશાચાઃ સર્વતો દિશમ્ ।**
**સર્વેષામવિરોધેન, યજ્ઞકર્મ સમારભે ॥૫॥**

## ॥ વિવાહ ઘોષણા ॥

વિવાહની જાહેરાતની સંસ્કૃત ભાષામાં એક નાનકડી શબ્દાવલિ છે. જેમાં વરકન્યાનાં ગૌત્ર પિતા, દાદા વગેરેનો ઉલ્લેખ છે. એમાં ઘોષણા કરી છે કે આ બંને હવે લગ્નના બંધનમાં બંધાઈ રહ્યાં છે. એમનો ધર્મસંગત સહવાસ બધાંની જાણકારી માટે જાહેર કરવામાં આવે છે. વગર જાહેરાતે ગુપચુપ ચાલતા દાંપત્ય સ્તરના પ્રેમસંબંધો નૈતિક, ધાર્મિક અને કાયદાની દષ્ટિએ અનિચ્છનીય તથા અયોગ્ય ગણાય છે. જેમની વચ્ચે દાંપત્યસંબંધ હોય તેની જાહેરાત બધાંની રૂબરૂ કરવી જોઈએ. સમાજથી છુપાવવામાં આવે તેને જ વ્યભિચાર કહેવામાં આવે છે. ઘોષણાપૂર્વક વરકન્યા લગ્નસંબંધમાં બંધાઈને ધર્મની પરંપરાનું પાલન કરે છે.

**સ્વસ્તિ શ્રીમન્નન્દનન્દન ચરણકમલ ભક્તિ સદ્વિદ્યા વિનીતિ નિજ કુલકમલકલિકા પ્રકાશનૈકભાસ્કર સદાચાર સચ્ચરિત્ર સત્કુલ સત્પ્રતિષ્ઠા ગરિષ્ઠસ્ય.....**

ગોત્રસ્ય.......મહોદયસ્ય પ્રપૌત્રઃ.....મહોદયસ્ય પૌત્રઃ ....મહોદયસ્ય પુત્રઃ ॥..... મહોદયસ્ય પ્રપૌત્રી....મહોદયસ્ય પૌત્રી......મહોદયસ્ય પુત્રી પ્રયતપાણિઃ શરણં પ્રપદ્યે। સ્વસ્તિ સંવાદેષૂભયોર્વૃદ્ધિર્વરકન્યયોશ્ચિરંજીવીનૌ ભૂયાસ્તામ્ ॥

## ॥ મંગલાષ્ટકમ્ ॥

શ્રીમત્પંકજવિષ્ટરો હરિહરૌ, વાયુર્મહેંદ્રોઽનલઃ,
ચંદ્રો ભાસ્કર વિત્તપાલ વરુણ, પ્રેતાધિપાદિગ્રહાઃ।
પ્રદ્યુમ્નો નલકુબરૌ સુરગજઃ, ચિન્તામણિ, કૌસ્તુભઃ,
સ્વામિ શક્તિધરશ્ચ લાંગલધર, કુર્વન્તુ વો મંગલમ્ ॥ ૧ ॥
ગંગા ગૌમતિ ગોપતિર્ગણપતિઃ ગોવિંદગોવર્ધનૌ,
ગીતા ગોમયગોરજૌ ગિરિસુતા, ગંગાધરો ગૌતમઃ।
ગાયત્રી ગરુડો ગદાધર ગયા, ગંભીર ગોદાવરી,
ગંધર્વગ્રહગોપ ગોકુલધરા, કુર્વન્તુ વો મંગલમ્ ॥ ૨ ॥
નેત્રાણાં ત્રિતયં મહત્પશુપતેઃ, અગ્નેસ્તુ પાદત્રયં,
તત્તદ્વિષ્ણુપદત્રયં ત્રિભુવને, ખ્યાતં ચ રામત્રયમ્ ।
ગંગાવાહ પથત્રયં સુવિમલં, વેદત્રયં બ્રાહ્મણમ્,
સંધ્યાનાં ત્રિતયં દ્વિજૈરભિમતં, કુર્વન્તુ વો મંગલમ્ ॥૩॥
વાલ્મીકિઃ સનકઃ સનંદનમુનિઃ વ્યાસો વશિષ્ઠોભૃગુઃ
જાબાલિર્જમદગ્નિ રત્રિજનકૌ, ગર્ગોઽગિરા ગૌતમઃ।
માંધાતા ભરતો નૃપશ્ચ સગરો, ધન્યો દિલીપો નલઃ,
પુણ્યો ધર્મસુતો યયાતિનહુષૌ, કુર્વન્તુ વો મંગલમ્ ॥ ૪॥
ગૌરી શ્રી કુલદેવતા ચ સુભગા, કદ્રૂસુપર્ણાશિવાઃ,
સાવિત્રી ચ સરસ્વતી ચ સુરભિઃ, સત્યવ્રતારુન્ધતી।
સ્વાહા જાંબવતી ચ રુક્મભગિની, દુઃસ્વપ્ન વિધ્વંસિની,
વેલા ચામ્બુનિધેઃ સમીનમકરા, કુર્વન્તુ વો મંગલમ્ ॥૫॥

**ગંગા સિંધુ સરસ્વતી ચ યમુના, ગોદાવરી નર્મદા,**
**કાવેરી સરયૂ મહેન્દ્રતનયા, ચર્મણ્વતી વેદિકા ।**
**ક્ષિપ્રા વેત્રવતી મહાસુરનદી, ખ્યાતા ચ યા ગંડકી,**
**પૂર્ણાઃ પુણ્યજલૈઃ સમુદ્રસહિતાઃ, કુર્વન્તુ વો મંગલમ્ ॥૬॥**
**લક્ષ્મીઃ કૌસ્તુભ પારિજાતકસુરા, ધન્વંતરીશ્ચંદ્રમા,**
**ગાવઃ કામદુધાઃ સુરેશ્વરગજો, રંભાદિદેવાંગનાઃ ।**
**અશ્વઃ સપ્તમુખઃ સુધા હરિધનુઃ, શંખો વિષં ચામ્બુધે,**
**રત્નાનીતિ ચતુર્દશ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥ ૭ ॥**
**બ્રહ્મા વેદપતિઃ શિવઃ પશુપતિઃ, સૂર્યો ગ્રહાણાં પતિઃ**
**શુક્રો દેવપતિર્નલો નરપતિઃ, સ્કન્દશ્ચ સેનાપતિઃ ।**
**વિષ્ણુર્યજ્ઞપતિર્યમઃ પિતૃપતિઃ, તારાપતિ શ્ચંદ્રમા,**
**ઈત્યેતે પતયસ્સુપર્ણ સહિતાઃ, કુર્વન્તુ વો મંગલમ્ ॥ ૮ ॥**

## ॥ વસ્ત્રોપહારઃ ॥

વરપક્ષ તરફથી કન્યાને અને કન્યાપક્ષ તરફથી વરને કપડાં, દાગીના વગેરે આપવાનો રિવાજ હોય છે. જો કે શ્રદ્ધા અનુસાર આ કાર્ય પહેલાં જ કરી લેવામાં આવે છે. વરવહુ એને પહેરીને જ સંસ્કાર વિધિમાં બેઠાં હોય છે. અહીં પ્રતીક રૂપે એકબીજાને પીળા ઉપવસ્ત્રની ભેટ આપવામાં આવે અને એજ ઉપવસ્ત્ર ફરીથી ગ્રંથિબંધનમાં પણ કામ આવશે. દાગીના પહેરાવવાના હોય તો વીંટી, મંગલસૂત્ર જેવાં શુભ ચિહ્નો સુધી જ મર્યાદિત રહેવું જોઈએ.

બંને પક્ષ ભાવના કરે કે એકબીજાનું માન વધારવાની તથા તેમને શોભાયમાન કરવાની જવાબદારી સ્વીકારીએ છીએ. એ જવાબદારી સમજીને તેને નિભાવવાનું યાદ

રાખીશું. નીચે લખેલા મંત્રની સાથે એકબીજાને ભેટ આપવામાં આવે.

**ૐ પરિધાસ્યૈ યશોધાસ્યૈ, દિર્ઘાયુત્વાય જરદષ્ટિરસ્મિ।**
**શતં ચ જીવામિ શરદઃ, પુરૂચીરાપસ્પોષમભિ સંવ્યયિષ્યે ॥**

## ॥ પુષ્પોહાર ॥

વરવહુ એકબીજાનો સ્વીકાર કરતાં પુષ્પોના હાર એકબીજાને પહેરાવે છે, હૃદયથી વરણ કરે છે. બંને ભાવના કરે કે દેવશકિતઓ અને સદ્ પુરુષોના આશીર્વાદથી તેઓ એકબીજાના ગળાના હાર બનીને રહેશે. મંત્રોચ્ચારની સાથે પહેલાં કન્યા વરને અને પછી વર કન્યાને ફૂલોનો હાર પહેરાવશે.

**ૐ યશસા માદ્યાવાપૃથિવી યશસેન્દ્રાબૃહસ્પતી ।**
**યશો ભગશ્ચ મા વિદદ્યશો મા પ્રતિપદ્યતામ્ ॥**

## ॥ હસ્તપીત કરણમ્ ॥

**દિશા અને પ્રેરણા :** કન્યાદાન કરનાર કન્યાના હાથોમાં હળદર લગાડે છે. હળદર મંગલસૂચક છે. અત્યાર સુધી આ છોકરી બાલિકાના રૂપમાં રહી છે. હવે તે ગૃહલક્ષ્મીની જવાબદારી સંભાળશે. એટલા માટે તેના હાથને પીળા અર્થાત્ મંગલમય બનાવવામાં આવે છે. તેનાં માતાપિતાએ લાડ અને પ્યારમાં ઉછેરી એને કોઈ કઠોર કામ સોંપ્યું નથી. હવે તેણે પોતાના હાથને નવનિર્માણની અનેક જવાબદારીઓ સંભાળવા તૈયાર કરવાના છે. એટલે એમને પીળા રંગના, મંગલકારક, લક્ષ્મીના પ્રતીક રૂપ, સર્જનાત્મક ગુણોવાળા બનાવવા જોઈએ. હાથ પીળા કરતાં કરતાં કન્યાપક્ષવાળા તે કન્યાને મૌન શિખામણ આપે છે કે તેને આગળ જતાં સર્જનશક્તિના રૂપમાં

પ્રગટ થવાનું છે અને એને માટે કોમળ હાથોને વધારે જવાબદાર, મજબૂત અને અધિક માંગલિક બનાવવાના છે.

**ક્રિયા અને ભાવના :** કન્યા બંને હથેળીઓ પિતા સામે ધરે. કન્યાદાન કરનાર ભીની હળદર મંત્રોચ્ચારની સાથે કન્યાની હથેળી પર ચોપડે. ભાવના કરે કે દેવોની હાજરીમાં એ હાથોને સ્વાર્થ અને કુસંસ્કારોથી મુક્ત કરીને ત્યાગ અને પરમાર્થના સંસ્કાર આપવામાં આવી રહ્યા છે તથા એને પૂરા કરવાની દૃઢતા જાગૃત કરવામાં આવી રહી છે.

**ૐ અહિરિવ ભોગૈઃ પર્યેતિ બાહુંજ્યાયા હેતિં પરિબાધમાનઃ । હસ્તઘ્નો વિશ્વા વયુનાનિ વિદ્વાન્ પુમાન્ પુમા ૅ્ ં સં પરિપાતુ વિશ્વતઃ ॥**

## ॥ કન્યાદાન - ગુપ્તદાન ॥

**દિશા અને પ્રેરણા :** કન્યાદાન વખતે કંઈક ગુપ્તદાન આપવાનો રિવાજ છે. લોટના લાડવામાં છુપાવીને અમુક ધન કન્યાદાન વખતે આપવામાં આવે છે. આ દહેજનું સ્વરૂપ છે. પુત્રીને ઘેરથી વિદાય આપતી વખતે તેના પિતા જરૂરિયાતના વખતે કામ આવે એટલા માટે ભેટ રૂપે ધન આપે છે, પણ તે હોય છે ખાનગી. પિતા અને કન્યાની વચ્ચેની આ અંગત ભેટ છે. બીજાને આ સંબંધમાં જાણવાની કે પૂછવાની કોઈ જરૂર નથી. દહેજના રૂપમાં શું આપવું જોઈએ એ બાબતે સાસરિયાંને કહેવાનો કે પૂછવાનો કોઈ જ અધિકાર નથી. ન તો એની જાહેરાતની જરૂર છે કારણ કે ગરીબ કે અમીર પોતાની સ્થિતિ મુજબ જે આપે તે ચર્ચાનો વિષય ન બનવો જોઈએ. એની સાથે નિંદા કે પ્રશંસા જોડાવી જોઈએ નહિ. લોકો એકબીજાનું અનુકરણ કરે, નકલ કરે

અને હરીફાઈ કરે, તો તેનાથી અનર્થ જ થશે. કન્યાપક્ષ પર અનુચિત દબાણ આવશે અને વરપક્ષ વધારે ન મળવાથી અપ્રસન્ન બની અસંતોષની ધૃષ્ટતા કરવા લાગશે. એટલા માટે કન્યાદાનની સાથે અમુક ધનદાનનું વિધાન તો છે, પણ દીર્ઘદૃષ્ટા ઋષિઓએ લોકોની સ્વાર્થાંધતા અને દુષ્ટતાની સંભાવનાને ધ્યાનમાં રાખીને એવો નિયમ બનાવ્યો છે કે જે કંઈ દહેજ આપવામાં આવે તે હંમેશાં ગુપ્ત રાખવામાં આવે. એના વિશે ચર્ચા કરવાનો અધિકાર કોઈનેય હોવો ન જોઈએ. લાડુમાં એક રૂપિયાનો સિક્કો મૂકવો તે આ દહેજપ્રથાના પ્રતીક તરીકે પૂરતો છે. એને લાડુમાં છુપાવીને રાખવો જોઈએ.

**કન્યાદાન :** કન્યાદાનનો અર્થ છે માતાપિતાની જવાબદારી વરને અને સાસરીવાળાંને સોંપવી. અત્યાર સુધી માતાપિતા કન્યાનું ભરણપોષણ, વિકાસ, સંરક્ષણ, સુખશાંતિ, આનંદ, ઉલ્લાસનું વગેરેનું ધ્યાન રાખતાં હતાં. હવે તે પ્રબંધ વર અને તેના કુટુંબીઓએ કરવાનો રહેશે. કન્યા નવા ઘરમાં જઈને અજાણ્યાપણાનો અનુભવ ન કરે, એને સ્નેહ, સહયોગ તથા સદ્ભાવની ઊણપનો અનુભવ ન થાય એનું પૂરેપૂરું ધ્યાન રાખવું પડશે. કન્યાદાનનો સ્વીકાર કરતી વખતે, પાણિગ્રહણની જવાબદારી સ્વીકારતી વખતે વર તથા તેના વડીલોએ એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે તેમણે સ્વીકારેલી જવાબદારીને પૂરેપૂરી તત્પરતાપૂર્વક નિભાવવાની છે.

કન્યાદાનનો એ અર્થ નથી કે જેવી રીતે કોઈ સંપત્તિ, જમીન જાયદાદ અથવા ગાય, બકરીને વેચી દેવામાં કે દાનમાં આપી દેવામાં આવે છે તેવી રીતે કન્યાને પણ એક સંપત્તિ સમજીને કોઈને ગમે તે રીતે ઉપયોગ કરવા માટે આપી દીધી છે. દરેક માનવીની એક સ્વતંત્ર સત્તા અને સ્થિતિ છે. કોઈ મનુષ્ય

બીજા કોઈ મનુષ્યને વેચી કે દાન કરી શકતો નથી, પછી તે પિતા કેમ નથી હોતા. વ્યક્તિના સ્વતંત્ર અસ્તિત્વ અને અધિકારની ના નથી પાડી શકાતી કે ન એની પસંદગી કરી શકાય છે. છોકરો હોય કે છોકરી, વડીલોને એ અધિકાર નથી કે તેઓ એને વેચે અથવા એનું દાન કરે. એવું કરવું તે પુત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વના તથ્યને જ ખોટું પાડવા જેવું છે. વરકન્યા બંનેય પૂરી ઈમાનદારી અને નિષ્ઠા સાથે નિર્વાહ કરી લગ્નને સફળ બનાવે છે. જો વર કન્યાને ખરીદેલી મિલકતના રૂપમાં જુએ અને તેની પર પશુઓની જેમ માલિકીનો હક કરે યા વહેવાર કરે તો એ માનવતાના મૂળભૂત અધિકારોની હત્યા કરવા જેવું ગણાય. કન્યાદાનનું તાત્પર્ય આવું નથી. એનું પ્રયોજન એ છે કે કન્યાના વડીલો તેના જીવનને સુવ્યવસ્થિત, સુવિકસિત અને સુખશાંતિમય બનાવવાની નિષ્ઠા અને જવાબદારી વર તથા તેમના વડીલોને સોંપે છે, જે એમણે નિભાવવી જોઈએ. પારકા ઘરમાં ગયા પછી કાચી ઉંમરની, અનુભવ વગરની ભાવનાશાળી છોકરીને ખટકે તેવી મનોદશામાંથી તેણે પસાર થવું પડે છે. એટલા માટે શરૂઆતમાં તો વિશેષરૂપે વરપક્ષવાળાએ એવો પ્રયત્ન કરવો જોઈએ કે દરેક દૃષ્ટિથી વહુને વધારે સ્નેહ તથા સહયોગ મળતો રહે. કન્યાપક્ષવાળાએ પણ એવું ના વિચારી લેવું જોઈએ કે છોકરીના હાથ પીળા કરી દીધા, કન્યાદાન થઈ ગયું, એટલે હવે તેમને કશું જ કરવાનું કે વિચારવાનું નથી. એમણે પણ પુત્રીના ભવિષ્યને ઊજળું બનાવવામાં સદાય ફાળો આપતા રહેવાનું છે.

**ક્રિયા અને ભાવના :** કન્યાના હાથ હળદરથી પીળા કરીને માતાપિતા પોતાના હાથમાં કન્યાનો હાથ, ગુપ્તદાનનું ધન અને ફૂલ રાખીને સંકલ્પ બોલે છે અને એ હાથને વરના હાથમાં

સોંપી દે છે. વર એ હાથને ગંભીરતા અને જવાબદારીની સાથે પોતાના હાથમાં પકડીને શિરોધાર્ય કરે છે, માથે ચડાવે છે.

ભાવના કરો કે કન્યા વરને સોંપી દેતાં તેના વડીલો પોતાના તમામ અધિકારો પણ સોંપી દે છે. કન્યાનું કુળ, ગોત્ર હવે પિતૃપરંપરા પ્રમાણે નહિ, પરંતુ પતિપરંપરા મુજબ ગણાશે. કન્યાને આ ભાવનાત્મક પુરુષાર્થ કરવા તથા પતિને એનો સ્વીકાર કરવાની અથવા નિભાવવાની શક્તિ સત્‌શક્તિઓ આપી રહી છે. આ ભાવનાની સાથે કન્યાદાનનો સંકલ્પ બોલવો. સંકલ્પ પૂરો થતાં માતાપિતા કન્યાના હાથ વરને સોંપી દે.

## ॥ કન્યાદાન સંકલ્પ ॥

**અદ્યેતિ....નામાહં....નામ્નીમ્ ઈમાં કન્યાં । ભગિનીં સુસ્નાતાં, યથાશકિત અલંકૃતાં, ગંધાદિ અર્ચિતાં વસ્ત્રયુગચ્છન્નાં, પ્રજાપતિદૈવત્યાં, શતગુણીકૃત જ્યોતિષ્ટોમ અતિરાત્ર શતફલપ્રાપ્તિ કામોઽહં......નામ્ને, વિષ્ણુરૂપિણે વરાય ભરણપોષણ આચ્છાદન પાલનાદીનાં સ્વકીય ઉત્તરદાયિત્વ ભારમ્ અખિલં અદ્ય તવ પત્નીત્વેન, તુભ્યં અહં સમ્પ્રદદે।**

વર તેનો સ્વીકાર કરતાં કહે -

**ૐ સ્વસ્તિ.**

## ॥ ગૌદાન ॥

**દિશા અને પ્રેરણા :** ગાય પવિત્રતા અને પરમાર્થપરાયણતાનું પ્રતીક છે. કન્યાપક્ષ વરને કંઈક આપે તો પવિત્રતા અને પરમાર્થના ભાવથી આપે. એવું દાન આપે, જે તેમને પવિત્રતા અને પરમાર્થની પ્રેરણાં આપે. જો કન્યાના પિતાને આપવાની

અને વરને સ્થાન વગેરેની સગવડ હોય તો કન્યાદાનના પ્રસંગે દહેજમાં ગાય આપી શકાય છે. તે કન્યા અને એના કુટુંબના લોકોના સ્વાસ્થ્યની દૃષ્ટિએ યોગ્ય પણ છે.

આજની સ્થિતિમાં જો ગાય આપવાનું અને લેવાનું સગવડતાભર્યું ન હોય તો તેના બદલે અમુક ધન આપી શકાય છે. આ રીતે પ્રાચીન ગૌદાનની રીતરસમને જીવતી રાખી શકાય છે.

**ક્રિયા અને ભાવના :** કન્યાદાન કરનાર હાથમાં ફૂલચોખા લે અને ભાવના કરે કે વરકન્યાનું ભાવિ જીવન સુખી અને સમુન્નત બનાવવા માટે શ્રદ્ધાપૂર્વક શ્રેષ્ઠદાન કરી રહ્યા છે. મંત્રોચ્ચારની સાથે સંકલ્પિત સામગ્રી વરના હાથમાં આપી દે.

**ૐ માતા રુદ્રાણાંદુહિતાવસૂનાં સ્વસાદિત્યાનામમૃતસ્ય નાભિઃ। પ્ર નુ વોચં ચિકિતુષે જનાય મા ગામનાગામદિતિં વધિષ્ટ ॥**

## ॥ મર્યાદાકરણમ્ ॥

**દિશા અને પ્રેરણા :** કન્યાદાન તથા ગૌદાન પછી દાતા વરને સત્પુરુષો અને દેવશક્તિઓની સાક્ષીમાં મર્યાદાની નમ્ર અરજ કરે છે અને વર તેનો સ્વીકાર કરે છે. કન્યાની જવાબદારી વરને સોંપવામાં આવી છે. ઋષિઓની મર્યાદાને ભૂલીને મનસ્વી આચરણ કરવામાં ન આવે. ધર્મ, અર્થ અને કામની દિશામાં ઋષિઓએ બનાવેલ મર્યાદાનું ઉલ્લંઘન હક્કના નશામાં આવીને કરવામાં ન આવે એવું નિવેદન કરવામાં આવે છે, જેનો વર પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરે છે.

**ક્રિયા અને ભાવના :** કન્યાદાન કરનારા પોતાના હાથમાં પાણી, ફૂલ અને ચોખા લે. ભાવના કરે કે વરને મર્યાદા

સોંપી રહ્યા છે. વર મર્યાદાનો સ્વીકાર કરી એનું પાલન કરવા દેવશક્તિઓના સહકાર માટે પ્રાર્થના કરે.

નીચે લખેલા મંત્રોની સાથે ક્રિયા સંપન્ન કરવામાં આવે.

કન્યાદાન કરનાર કહે -

**ૐ ગૌરી કન્યામિમાં પૂજ્ય ! યથાશક્તિ વિભૂષિતામ્ ।**
**ગોત્રાય શર્મણે તુભ્યં, દત્તાં દેવ સમાશ્રય ।**
**ધર્મસ્યાચરણં સમ્યક્, ક્રિયતામનયા સહ ।**
**ધર્મે ચાર્થે ચ કામે ચ, યત્ત્વં નાતિચરે ર્વિભો ॥**

વર કહે - **'નાતિચરામિ ।'**

## ॥ પાણિગ્રહણ ॥

**દિશા અને પ્રેરણા :** વર દ્વારા મર્યાદાના સ્વીકાર પછી કન્યા પોતાનો હાથ વરના હાથમાં સોંપે અને વર પોતાનો હાથ કન્યાના હાથમાં સોંપી દે. આ રીતે બંને એકબીજાનું પાણિગ્રહણ કરે છે. એકબીજા સાથે હસ્તમેળાપ કરે છે. આ ક્રિયા હાથમાં હાથ મેળવવા જેવી હોય છે. જાણે કે એક બીજાને પકડીને સહારો આપી રહ્યાં હોય.

આ પ્રસંગે વરની ભાવના પણ બરાબર એવી જ હોવી જોઈએ, જેવી કન્યાને પોતાનો હાથ સોંપતી વખતે થાય છે. વર પણ એવો અનુભવ કરે કે તેણે પોતાના વ્યક્તિત્વ, પોતાની ઈચ્છા, આકાંક્ષા અને પ્રવૃત્તિઓના સંચાલનનું કેન્દ્ર આ વહુને બનાવી દીધું છે અને પોતાનો હાથ સોંપી દીધો છે. બંને એકબીજાને આગળ વધારવા માટે એકબીજાનો હાથ જ્યારે ભાવનાપૂર્વક સમાજની રૂબરૂ પકડી લે તો સમજવું જોઈએ કે લગ્નનું પ્રયોજન પૂરું થયું.

**ક્રિયા અને ભાવના :** નીચે લખેલા મંત્રની સાથે કન્યા પોતાનો હાથ વર તરફ લંબાવે. વર તેને અંગુઠા સાથે (પૂરેપૂરો) પકડી લે અને ભાવના કરે કે દિવ્ય વાતાવરણમાં એકબીજા પ્રત્યે મિત્રતાના ભાવ સાથે એકબીજાની જવાબદારીઓને સ્વીકારી રહ્યાં છીએ.

**ૐ યદૈષિ મનસા દૂરં દિશોઽનુપવમાનો વા।**
**હિરણ્યપર્ણો વૈ કર્ણઃ સ ત્વા મન્મનસાં કરોતુ અસૌ ॥**

## ॥ ગ્રંથિબંધન ॥

**દિશા અને પ્રેરણા :** વર અને વહુનો હસ્તમેળાપ થયા પછી સમાજ દ્વારા બંનેને એક ગાંઠમાં બાંધી દેવામાં આવે છે. દુપટ્ટાના છેડાને (ઉપવસ્ત્ર) બાંધવાનો અર્થ એ છે કે બંને શરીર અને મનથી એક થઈને નવી સત્તાનો ઉદય થયો. હવે બંને એકબીજાની સાથે પૂરેપૂરી રીતે બંધાઈ ગયાં છે. ગ્રંથિબંધનમાં પૈસા, ફૂલ, ધરો, હળદર અને ચોખા એમ પાંચ વસ્તુઓ બાંધવામાં આવે છે.

**(૧) પૈસા :** પૈસા એટલા માટે રાખવામાં આવે છે કે ધન પર કોઈ એકનો અધિકાર રહેશે નહિ. એક જણ મનફાવે એમ ખર્ચ કર્યા કરે એ નહિ બને, પછી ભલેને તે કમાનાર વ્યક્તિ કેમ ન હોય. જે કમાણી અને સંપત્તિ હશે એની પર બંનેનો સંયુક્ત હક્ક માનવામાં આવશે. ખર્ચ કરવામાં બંનેની હા હશે, તો જ યોજના અને વ્યવસ્થા બનશે.

**(૨) ધરો :** ધરોને 'દુર્વા' પણ કહે છે. દુર્વાનો અર્થ છે કદીય નિર્જીવ ન થનારી પ્રેમભાવના. ધરોનું જીવનતત્ત્વ નષ્ટ થતું નથી. સુકાઈ ગયા છતાં પણ તે પાણી રેડવાથી લીલી બની જાય છે, એ જ રીતે બંનેના મનમાં અખૂટ પ્રેમ

અને આત્મીયતા જળવાઈ રહે. ચંદ્રચકોરની જેમ એકબીજા પર પોતાને ન્યોછાવર કરતાં રહે. પોતાનું દુઃખ ઓછું અને સાથીદારનું દુઃખ વધારે સમજીને ચાલે. પોતાના સુખ કરતાં સાથીદારના સુખનું વધારે ધ્યાન રાખે. પોતાના અંતરનો પ્રેમ એકબીજાની ઉપર વરસાવતાં રહે.

**(૩) હળદર :** હળદરનો અર્થ છે આરોગ્ય, તંદુરસ્તી. એકબીજાના શારીરિક અને માનસિક આરોગ્યને સુવિકસિત રાખવાનો પ્રયત્ન કરે. એવો વહેવાર ન કરે, જેનાથી સાથીદારનું આરોગ્ય ખરાબ થતું હોય અથવા માનસિક અસંતોષ કે ઉદ્વેગ પેદા થતો હોય.

**(૪) ચોખા :** ચોખા સામાજિક જવાબદારીઓનું ભાન કરાવે છે. કુટુંબમાં કેટલીય વ્યક્તિઓ હોય છે. એ બધાંનું ધ્યાન રાખવું, બધાંને સંભાળવાં તે પતિપત્નીનું પરમ કર્તવ્ય છે. એવું ન બને કે તેઓ એકબીજાને તો પ્રેમ કરે, પણ કુટુંબના સભ્યોની ઉપેક્ષા કરવા માંડે. એ રીતે કુટુંબથી બહાર પણ જનસેવાની જવાબદારી દરેક ભાવનાશીલ મનુષ્યની હોય છે. બંનેમાંથી કોઈ સમાજસેવા માટે વપરાતા સમય અને ધનનો વિરોધ ન કરે. ચોખા એ વાતનો સંકેત કરે છે કે તમે બંને એકબીજાનું જ ધ્યાન ન રાખો, પણ સમાજસેવાનું વ્રત એટલે કે જવાબદારી પણ તમારા બંનેના ગ્રંથિબંધનમાં એક મહત્ત્વપૂર્ણ લક્ષ્યના રૂપમાં છે તેને પણ નિભાવો.

**(૫) પુષ્પ :** ફૂલનો અર્થ છે - હસતાં ખીલતાં રહો, એકબીજાને હસાવો, એકબીજાને જોઈ પ્રસન્નચિત્ત બનો, એકબીજાને સુગંધિત બનાવવા માટે અર્થાત્ યશ ફેલાવવા માટે, વખાણ કરવા માટે હંમેશાં તૈયાર રહો. કોઈ બીજાની આગળ પોતાના સાથીનું અપમાન કે તિરસ્કાર ન કરે.

આ પ્રમાણે દર્ભ, ફૂલ, હળદર, ચોખા અને ધન - આ પાંચેયને રાખીને ગ્રંથિબંધન કરવામાં આવે છે અને આશા રાખવામાં આવે છે કે જે લક્ષ્યની સાથે વરકન્યા પરસ્પર બંધાયાં છે એને આજીવન યાદ કરતાં રહેશે.

**ક્રિયા અને ભાવના :** ગ્રંથિબંધન આચાર્ય કે આચાર્યના પ્રતિનિધિ અથવા કોઈ માનનીય વ્યક્તિ કરે. ઉપવસ્ત્રના છેડા ભેગા કરી તેમાં મંગલ દ્રવ્યો મૂકીને એક સાથે ગાંઠ વાળવી. ભાવના કરવી કે મંગલ વસ્તુઓના મંગલ સંસ્કાર સાથે સદ્‌શક્તિઓના આશીર્વાદ તથા સ્નેહીઓની સદ્‌ભાવનાથી બંને એ રીતે જોડાયેલાં રહેશે કે સદાય એકબીજાના જીવનલક્ષ્યની યાત્રામાં પૂરક બનીને ચાલશે. ગ્રંથિબંધન વખતે આ મંત્ર બોલવામાં આવે -

**ૐ સમંજન્તુ વિશ્વેદેવાઃ સમાપો હૃદયાનિ નૌ ।**
**સં માતરિશ્વા સં ધાતા સમુદેષ્ટ્રી દધાતુ નૌ ॥**

## ॥ વરવહુની પ્રતિજ્ઞાઓ ॥

**દિશા અને પ્રેરણા :** કોઈપણ મહત્ત્વની જગ્યા સ્વીકારવાની સાથે સોગંદ લેવાનો સમારંભ અનિવાર્ય રીતે જોડાયેલો હોય છે. કન્યાદાન, હસ્તમેળાપ, ગ્રંથિબંધન થઈ ગયા પછી વર-વહુ દ્વારા અને સમાજ દ્વારા દાંપત્યજીવનમાં બંધાવાની સ્વીકૃતિ મળી જાય છે. તેના પછી અગ્નિ અને દેવશક્તિઓની સાક્ષીમાં બંનેને એકતાના રૂપમાં ઢાળવાનો ક્રમ ચાલે છે. એ પહેલાં તેમણે પોતાના કર્તવ્યધર્મનું મહત્ત્વ સારી રીતે સમજવાનો અને નિષ્ઠાપૂર્વક તેનું પાલન કરવાનો સંકલ્પ લેવો જોઈએ. આ દિશામાં પહેલી જવાબદારી વરની હોય છે, તેથી પહેલાં વરને તથા ત્યાર પછી વહુને પ્રતિજ્ઞાઓ લેવડાવવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** પ્રતિજ્ઞા વખતે વરવહુના હાથમાં ફૂલ, ચોખા તથા જળ આપવાં જોઈએ. આચાર્ય સંસ્કૃત સાથે અથવા ફક્ત ગુજરાતીમાં એક એક કરીને પ્રતિજ્ઞાઓ અર્થ સાથે સમજાવે. પૂરી થયા પછી એમની પાસે કહેવડાવો કે હું તેમને સ્વીકારું છું. પ્રતિજ્ઞા પૂરી થયેથી ચોખા વગેરે દેવપૂજન વેદી પર ચઢાવી દેવામાં આવે.

## ॥ વરની પ્રતિજ્ઞાઓ ॥

**ધર્મ પત્નીં મિલિત્વૈવ, હ્યેકં જીવનમાવયોઃ ।**
**અદ્યારભ્ય યતો મે ત્વમ્,અર્દ્ધાંગિનીતિ ઘોષિતા ॥ ૧ ॥**

આજથી ધર્મપત્નીને અર્ધાંગિની સમજીને તેની સાથે મારું વ્યક્તિત્વ મેળવી એક નવું જીવન જીવીશ. મારા શરીરનાં અંગોની જેમ જ મારી ધર્મપત્નીનું પણ ધ્યાન રાખીશ.

**સ્વીકરોમિ સુખેન ત્વાં, ગૃહલક્ષ્મીમહન્તતઃ ।**
**મંત્રયિત્વા વિધાસ્યામિ, સુકાર્યાણિ ત્વયા સહ ॥ ૨ ॥**

હું પ્રસન્નતાપૂર્વક ગૃહલક્ષ્મીનો મહાન અધિકાર તેને સોંપું છું અને જીવન જીવવામાં પણ તેનાં સલાહસૂચન અને માર્ગદર્શનને મહત્ત્વ આપીશ.

**રૂપસ્વાસ્થ્ય સ્વભાવાન્તુ, ગુણદોષાદીન્ સર્વતઃ ।**
**રોગાજ્ઞાન વિકારાંશ્ચ, તવ વિસ્મૃત્ય ચેતસઃ ॥**

રૂપ, આરોગ્ય, સ્વાભાવિક ગુણદોષ, રોગ અને અજ્ઞાનવશ વિકારોને ચિત્તમાં નહિ લાવું અને એના કારણે અસંતોષ જાહેર નહિ કરું, પરંતુ સ્નેહપૂર્વક તેને સુધારતાં સુધારતાં અને સહન કરતાં કરતાં આત્મીયતા જાળવી રાખીશ.

**સહચરો ભવિષ્યામિ, પૂર્ણ સ્નેહઃ પ્રદાસ્ય તે ।**
**સત્યતા મમ નિષ્ઠા ચ, યસ્યાધારં ભવિષ્યતિ ॥ ૪ ॥**

પત્નીનો મિત્ર બનીને રહીશ અને તેને પૂરેપૂરો સ્નેહ આપતો રહીશ. આ વચનનું પાલન પૂરેપૂરી નિષ્ઠા અને સત્યના આધાર પર કરીશ.

**યથા પવિત્ર ચિત્તેન, પાતિવ્રત્ય ત્વયા ધૃતમ્ ।**
**તથૈવ પાલયિષ્યામિ, પત્નીવ્રતમહં ધ્રુવમ્ ॥ ૫ ॥**

પત્નીને માટે જે રીતે પતિવ્રતની મર્યાદા કહેવામાં આવી છે, એવી જ દઢતાથી હું પણ પત્નીવ્રત ધર્મનું પાલન કરીશ. ચિંતન અને આચરણમાં પરસ્ત્રી સાથે વાસનાત્મક સંબંધો નહિ રાખું.

**ગૃહસ્યાર્થ વ્યવસ્થાયાં, મંત્રયિત્વા ત્વયા સહ ।**
**સંચાલનં કરિષ્યામિ, ગૃહસ્થોચિત જીવનમ્ ॥ ૬ ॥**

ઘરની વ્યવસ્થામાં ધર્મપત્નીને આગળ રાખીશ. આવક અને ખર્ચ કરવાની બાબતમાં તેની સ્વીકૃતિ લઈને ગૃહસ્થોચિત જીવન જીવીશ.

**સમૃદ્ધિ સુખ શાંતિનાં, રક્ષણાય તથા તવ ।**
**વ્યવસ્થાં વૈ કરિષ્યામિ, સ્વશક્તિ વૈભવાદિભિઃ ॥ ૭ ॥**

ધમપત્નીનાં સુખ, શાંતિ, પ્રગતિ તથા સલામતીની વ્યવસ્થા કરવામાં મારી શકિત અને સાધનો પૂરી વફાદારીપૂર્વક વાપરીશ.

**યત્નશીલો ભવિષ્યામિ, સન્માર્ગસેવિતું સદા ।**
**આવયોઃ મતભેદાંશ્ચ, દોષાન્સંશોધ્ય શાંતિતઃ ॥ ૮ ॥**

મારા તરફથી ઉત્તમ વહેવાર રાખવાનો પૂરો પ્રયત્ન કરીશ. મતભેદ તથા ભૂલો શાંતિપૂર્વક સુધારીશ. કોઈનીય સામે મારી પત્નીને અપમાનિત કે તિરસ્કૃત નહિ કરું.

**દેવાઽગ્નિસન્મુખ્યાણાં, સાંનિધ્યે કૃતનિશ્ચયઃ ।**
**ત્વાં પ્રત્યહં ભવિષ્યામિ, સહિષ્ણુ મૃદુલસ્તથા ॥ ૯ ॥**

દેવતાગણ, અગ્નિ તથા સત્પુરુષોની સાક્ષીમાં વચન આપું છું કે પત્ની પ્રત્યે હમદર્દી અને મીઠાશભર્યું બોલવાનું રાખીશ.

**ભવત્યામ સમર્થાયાં, વિમુખાયાંચ કર્મણિ ।**
**વિશ્વાસં સહયોગં ચ, મમ પ્રાપ્સ્યસિ ત્વં સદા ॥ ૧૦ ॥**

પત્ની અસમર્થ અને પોતાના કર્તવ્યથી વિમુખ થવા છતાંય પણ મારા કર્તવ્યપાલન અને સહયોગમાં રાઈ જેટલી પણ ઊણપ નહિ રાખું એવો વિશ્વાસ આપું છું.

## ॥ કન્યાની પ્રતિજ્ઞાઓ ॥

**સ્વ જીવનં મેલયિત્વા, ભવતઃ ખલુ જીવને ।**
**ભૂત્વા ચાર્ધાંગિની નિત્યં, વસિષ્યામિ ગૃહે સદા ॥ ૧ ॥**

મારા જીવનને પતિ સાથે જોડી દઈને નવું જીવન શરૂ કરીશ અને એ રીતે ઘરમાં હંમેશાં સાચા અર્થમાં અર્ધાંગિની બનીને રહીશ.

**શિષ્ટતાપૂર્વકં સર્વૈઃ, પરિવાર જનૈઃ સહ ।**
**ઔદાર્યેણ વિધાસ્યામિ, વ્યવહારં ચ કોમલમ્ ॥ ૨ ॥**

પતિના કુટુંબના સભ્યોને મારા શરીરનાં અંગ માનીને બધાંની સાથે વિવેકથી વર્તન કરીશ, ઉદારતાપૂર્વક સેવા કરીશ અને મધુર તથા કોમળ વહેવાર કરીશ.

**ત્યક્ત્વાલસ્યં કરિષ્યામિ, ગૃહકાર્યે પરિશ્રમમ્ ।**
**ભર્તુર્હર્ષં હિ જ્ઞાસ્યામિ, સ્વીયામેવ પ્રસન્નતામ્ ॥ ૩ ॥**

આળસ છોડી દઈને મહેનતપૂર્વક ઘરકામ કરીશ. એ રીતે પતિની પ્રગતિ અને જીવનવિકાસમાં ઉચિત ફાળો આપીશ.

**શ્રદ્ધયા પાલયિષ્યામિ, ધર્મં પાતિવ્રતં પરમ્ ।**
**સર્વદૈવાનુકુલ્યેન, પત્યુરાદેશ પાલિકાઃ ॥ ૪ ॥**

પતિવ્રત ધર્મનું પાલન કરીશ. પતિ પ્રત્યે શ્રદ્ધાભાવના જાળવી રાખી હંમેશાં એમને અનુકૂળ બનીને રહીશ. કપટ કે દુર્ભાવ નહિ રાખું. પતિની આજ્ઞાનું તરત જ પાલન કરવાનો અભ્યાસ કરીશ.

**સુશ્રૂષેણપરા સ્વચ્છા, મધુર પ્રિયભાષિણી ।**
**પ્રતિજાને ભવિષ્યામિ, સતતં સુખદાયિની ॥ ૫ ॥**

સ્વચ્છતા, પ્રસન્નતા અને પ્રિય બોલવાની ટેવ રાખીશ. બધાંની સેવા કરીશ.તેનાથી વિરુદ્ધ ઈર્ષા, ચીડિયાપણું વગેરે કુટેવો કે દોષો સ્વીકારીશ નહિ. એ રીતે હંમેશાં પતિને આનંદ આપનારી બની રહીશ.

**મિતવ્યયેન ગાર્હસ્થ્ય, સંચાલને હિ નિત્યદા ।**
**પ્રયતિષ્યે ચ સોત્સાહં, તવાહમનુગામિની ॥ ૬ ॥**

ઓછા ખર્ચમાં ઘરનું સંચાલન કરીશ. બિનજરૂરી ખર્ચા નહિ કરું. પતિ આર્થિક રીતે અથવા શારીરિક દૃષ્ટિએ અસમર્થ બની જશે, તોય હું ઉત્સાહપૂર્વક સદ્‌ગૃહસ્થના અનુશાસનનું પાલન કરીશ.

**દેવસ્વરૂપો નારીણાં, ભર્તા ભવતિ માનવઃ ।**
**મત્વેતિ ત્વાં ભજિષ્યામિ, નિયતા જીવનાવધિમ્ ॥ ૭ ॥**

સ્ત્રીના માટે પતિ દેવસ્વરૂપ હોય છે, એવું માનીને મતભેદ ભૂલી જઈ જીવનભર સેવા કરીશ. કદીય મારા પતિનું અપમાન નહિ કરું.

**પૂજ્યાસ્તવ પિતરો યે, શ્રદ્ધયા પરમા હિ મે ।**
**સેવયા તોષયિષ્યામિ, તાન્સદા વિનયેન ચ ॥ ૮ ॥**

જેઓ પતિના પૂજ્ય અને શ્રદ્ધાપાત્ર છે તેમને સેવા અને વિનય દ્વારા હંમેશાં પ્રસન્ન અને સંતુષ્ટ રાખીશ.

**કદાપિ ક્વાપિ કિમપિ, કરિષ્યે ન પરાઙ્મુખી ।**
**પ્રતિ જાનામિ મમ ચ, ત્વમેવ સર્વમેવ હિ ॥ ૯ ॥**

કોઈપણ સ્થિતિમાં, ગમે ત્યારે, ખુદ મારા પતિય મારી વિરુદ્ધ થઈ જશે તો પણ બદલાની આશા રાખ્યા વિના મારા કર્તવ્યનું પાલન કરતી રહીશ.

## ॥ યજ્ઞ ॥

સોગંદ લીધા પછી તે શ્રેષ્ઠ ભાવનાઓના વિકાસ અને પોષણ માટે યજ્ઞીય વાતાવરણ ઊભું કરવામાં આવે છે. અગ્નિસ્થાપના કરીને ક્રમ અનુસાર ગાયત્રી મંત્રની ૯,૧૨ કે ૨૪ આહુતિઓ આપવી. ત્યાર પછી વિશેષ આહુતિઓ આપવામાં આવે.

## ॥ અગ્નિસ્થાપનમ્ ॥

કોઈ પાત્ર અથવા ચમચીમાં અગ્નિ લાવીને અથવા કપૂર સળગાવી નીચે લખેલા મંત્રનું ઉચ્ચારણ કરતાં શ્રદ્ધા અને ભક્તિની સાથે હવનકુંડમાં અગ્નિનું સ્થાપન કરો.

**ૐ ભૂર્ભુવઃ સ્વર્દ્યૌરિવ ભૂમ્ના પૃથિવીવ વરિમ્ણા । તસ્યાસ્તે પૃથિવી દેવયજનિ, પૃષ્ઠેઽગ્નિમન્નાદમન્નાદ્યાયાદધે । અગ્નિંદૂતં પુરોદધે, હવ્યવાહમુપબ્રુવે દેવાંઽઆસાદયાદિહ ।**

**ૐ અગ્નયે નમઃ । અગ્નિં આવાહયામિ । સ્થાપયામિ । પૂજયામિ । ગન્ધાક્ષતમ્ પુષ્પાણિ સમર્પયામિ ॥**

## ॥ અગ્નિ પ્રદીપનમ્ ॥

ત્યારબાદ અગ્નિ ઉપર નાનાં લાકડાં અને કપૂર મૂકી નીચેનો મંત્ર બોલી પંખાથી અગ્નિ પ્રદીપ્ત કરો.

**ૐ ઉદ્બુધ્યસ્વાગ્ને પ્રતિ જાગૃહિ ત્વમિષ્ટા પૂર્તે સ ꣳ સૃજેથામયં ચ । અસ્મિન્ત્સધસ્થે અધ્યુત્તરસ્મિન્ વિશ્વેદેવા યજમાનશ્ચ સીદત ।**

## ॥ સમિધાનમ્ ॥

ત્યારબાદ નીચેના ચાર મંત્રો વડે આઠ આંગળની ખાખરા વગેરેની ચાર સમિધાઓના બંને છેડા ઘીમાં બોળી દરેક મંત્ર બોલાયા બાદ સ્વાહા વખતે અગ્નિમાં આહુતિ આપો.

**૧. ૐ અયંત ઈધ્મ આત્મા, જાતવેદસ્તેનેધ્યસ્વ વર્ધસ્વ। ચેદ્ધ વર્ધય ચાસ્માન્ પ્રજયા, પશુભિર્બ્રહ્મવર્ચસેન, અન્નાદ્યેન સમેધય સ્વાહા। ઈદં અગ્નયે જાતવેદસે ઈદં ન મમ ॥**

**૨. ૐ સમિધાડગ્નિં દુવસ્યત, ઘૃતૈર્બોધયતા તિથિમ્। આસ્મિન્ હવ્યા જુહોતન સ્વાહા। ઈદં અગ્નયે ઈદં ન મમ ॥**

**૩. ૐ સુસમિદ્ધાય શોચિષે, ઘૃતં તીવ્રં જુહોતન ।અગ્નયે જાતવેદસે સ્વાહા। ઈદં અગ્નયે જાતવેદસે ઈદં ન મમ ॥**

**૪. ૐ તં ત્વા સમિદ્‌ભિરંગિરો, ઘૃતેન વર્ધયામસિ। બૃહચ્છોચા યવિષ્ઠ્ય સ્વાહા। ઈદં અગ્નયે અંગિરસે ઈદં ન મમ ॥**

## ॥ જલ પ્રસેચનમ્ ॥

ત્યારબાદ પ્રોક્ષણીમાં પાણી લઈ કુંડ (વેદી)ની ચારે દિશાઓમાં પાણીની ધાર કરો. મંત્ર નીચે મુજબ છે :

**ૐ અદિતેડનુમન્યસ્વ ॥ ઈતિ પૂર્વે**

**ૐ અનુમતેડનુમન્યસ્વ ॥ ઈતિ પશ્ચિમે**

**ૐ સરસ્વત્યનુમન્યસ્વ ॥ ઈતિ ઉત્તરે**

**ૐ દેવ સવિતઃ પ્રસુવઃ યજ્ઞં, પ્રસુવ યજ્ઞપતિં ભગાય। દિવ્યો ગન્ધર્વઃ કેતપૂઃ, કેતં નઃ પુનાતુ, વાચસ્પતિર્વાચં નઃ સ્વદતુ।**

આ મંત્રથી યજ્ઞકુંડની ચારે બાજુ પાણીની ધાર દક્ષિણમાંથી શરૂ કરીને કરો.

## ॥ આજ્યાહુતિઃ ॥

મોટા હવનોમાં બધા જ આવાહન કરેલ અને સ્થાપિત દેવતાઓ માટે આહુતિઓ આપવામાં આવે છે. નાના હવનોમાં (યજ્ઞોમાં) સાત આહુતિઓ ફક્ત ઘીની આપવામાં આવે છે અને આહુતિ અપાયા પછી સ્રુવામાંથી વધેલું ઘી 'ઈદં ન મમ્' ના ઉચ્ચારણ વખતે દરેક આહુતિ પછી પ્રણીતામાં ટપકાવવામાં આવે છે. આ ટપકાવેલું ઘી છેવટે અવઘ્રાણના કામમાં આવે છે.

**૧. ૐ પ્રજાપતયે સ્વાહા। ઈદં પ્રજાપતયે ઈદં ન મમ।**
**૨. ૐ ઈન્દ્રાય સ્વાહા । ઈદં ઈન્દ્રાય ઈદં ન મમ।**
**૩. ૐ અગ્નયે સ્વાહા । ઈદં અગ્નયે ઈદં ન મમ।**
**૪. ૐ સોમાય સ્વાહા । ઈદં સોમાય ઈદં ન મમ।**
**૫. ૐ ભૂઃ સ્વાહા । ઈદં અગ્નયે ઈદં ન મમ।**
**૬. ૐ ભુવઃ સ્વાહા । ઈદં વાયવે ઈદં ન મમ।**
**૭. ૐ સ્વઃ સ્વાહા । ઈદં સૂર્યાય ઈદં ન મમ।**

એના પછી ગાયત્રી મંત્ર વડે આહુતિઓ આપવી જોઈએ. મંત્ર -

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ।ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ સ્વાહા। ઈદં ગાયત્ર્યૈ ઈદં ન મમ્।**

## ॥ પ્રાયશ્ચિત્ત હોમઃ ॥

**દિશા અને પ્રેરણા :** ગાયત્રી મંત્રથી આહુતિઓ આપ્યા પછી પાંચ આહુતિઓ પ્રાયશ્ચિત્ત હોમની આપવામાં આવે

છે. વરકન્યાના હાથમાં હવનસામગ્રી આપવી. આહુતિ આપતી વખતે એવી ભાવના બંનેના મનમાં જાગવી જોઈએ કે દાંપત્યજીવનમાં નડતરરૂપ બનનારા જે પણ કુસંસ્કાર અત્યાર સુધી મનમાં રહ્યા હોય એ બધાને સ્વાહા કરવામાં આવી રહ્યા છે. પતિવ્રતનું ઉલ્લંઘન કરવાની કોઈ ભૂલ થઈ હોય તો હવે તેને એક સ્વપ્ન જેવી વાત સમજીને ભૂલી જવી જોઈએ. આ પ્રકારની ભૂલના કારણે કોઈ એકબીજાને ન તો દોષ દે કે ન શંકાની નજરે જુએ અને ન લાંછન લગાડે. એવી રીતે નશાબાજી જેવું કોઈ ખરાબ વ્યસન રહ્યું હોય તો અથવા સ્વભાવમાં કઠોરતા, સ્વાર્થ કે અહંકાર જેવી કોઈ ખામી હોય તો હવે તેનો ત્યાગ કરવાનો જ છે. સાથે જ એ ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરતાં કરતાં ભવિષ્યમાં એવી કોઈ ભૂલ ન કરવાનો સંકલ્પ પણ કરવાનો છે.

**ક્રિયા અને ભાવના :** વરકન્યા બંને હવનસામગ્રીથી આહુતિ આપે. ભાવના કરે કે દરેક પ્રાયશ્ચિત્ત આહુતિ સાથે પહેલાં કરેલાં દુષ્કર્મો, ખરાબ ચિંતન વગેરે બળી રહ્યાં છે. સ્વાહાની સાથે આહુતિ આપવી અને 'ઇદં ન મમ'ની સાથે હાથ જોડીને નમસ્કાર કરવા.

**(૧) ૐ ત્વં નો અગ્ને વરુણસ્ય વિદ્વાન્ દેવસ્ય હેડોઅવ યાસિસીષ્ઠાઃ। યજિષ્ઠો વહ્નિતમઃ શોશુચાનો, વિશ્વા દ્વેષા સિ પ્રમુમુગ્ધ્યસ્મત્ સ્વાહા। ઇદમગ્ની વરુણાભ્યાં ઇદં ન મમ।**

**-યજુ. ૨૧/૩ ઋગ્વેદ ૪/૧૪**

**(૨) ૐ સ ત્વં તો અગ્નેડવમો ભવોતી, નેદિષ્ઠો અસ્યાડ ઉષસો વ્યુષ્ટૌ। અવ યક્ષ્વ નો વરુણ ૢ રરાણો, વીહિ મૃડીક ૢ**

સુહવો ન ડ એધિ સ્વાહા । ઈદમગ્ની વરુણાભ્યાં ઈદં ન મમ ।

- ઋગ્વેદ ૧/૧/૫ ઋગ્વેદ -૨૨૪

(૩) ૐ અયાશ્ચાગ્નેડસ્ય નભિશસ્તિપાશ્ચ, સત્યમિ ત્વમયાડઅસિ । અયા નો યજ્ઞં વહાસ્યયા, નો ધેહિ ભેષજ ઁ સ્વાહા । ઈદં અગ્નયે અયસે ઈદં ન મમ ।

- કાત્યા શ્રી.સુ. ૨૫/૧/૧૧

(૪) ૐ યે તે શતં વરુણ યે સહસ્રં, યજ્ઞિયાઃ પાશા વિતતા મહાન્તઃ, તેભિર્નોડઅદ્ય સવિતોત વિષ્ણુઃ વિશ્વે મુંચન્તુ મરુતઃ સ્વર્કાઃ સ્વાહા । ઈદં વરુણાય સવિત્રે વિષ્ણવે વિશ્વેભ્યો દેવેભ્યો મરુદ્ભ્યઃ સ્વર્કેભ્યશ્ચ ઈદં ન મમ ।

- કાત્યા શ્રૌત. ૨૫/૧/૧૧

(૫) ૐ ઉદુત્તમં વરુણ પાશમસ્મદવાધમં, વિમધ્યમ ઁ શ્રથાય । અથા વયમાદિત્ય વ્રતે તવાનાગસો અદિતયે સ્યામ સ્વાહા ઈદં વરુણાયાદિત્યાયાદિતયે ચ ઈદં ન મમ ।

- યજુ. ૧૨/૧૨ ઋગ્વેદ ૧ ૨૪/૨૫

## ॥ શિલારોહણમ્ ॥

**દિશા અને પ્રેરણા :** શિલારોહણ દ્વારા પથ્થર પર સાતવાર પગ મૂકતાં વરકન્યા પ્રતિજ્ઞા કરે છે જે રીતે અંગદે રાવણની સભામાં પોતાનો પગ જમાવી દીધો હતો એવી રીતે અમે પણ પથ્થરની જેમ પોતાનો પગ આવનારી જવાબદારીઓ નિભાવવા માટે જમાવી દઈએ છીએ. આ ધર્મકાર્ય રમતગમતની જેમ કરવામાં નથી આવતું કે જેને એક મજાક સમજીને તોડી નાખવામાં આવે. આ પ્રતિજ્ઞાઓ પથ્થરની માફક અવિચળ બની રહે, પહાડની

જેમ અતૂટ તથા કાયમી રહે એવી ભાવના રાખવામાં આવે છે.

**ક્રિયા તથા ભાવના :** મંત્ર બોલવાની સાથે વરવહુ પોતાનો જમણો પગ પથ્થર પર મૂકે. ભાવના કરે કે જવાબદારીઓ નિભાવવાની તથા મુશ્કેલીઓ પાર કરવાની શક્તિ અમારા દૃઢ નિર્ણય અને દેવોની કૃપાના સંયોગથી મળી રહી છે.

**ૐ આરોહેમમશ્માનમશ્મેવ ત્વ ઌ સ્થિરા ભવ । અભિતિષ્ઠ પૃતન્યતોડવબાધસ્વ પૃતનાયતઃ ॥**

**-પાર. ગૃ. સૂ. ૧ ૭/૧**

## ॥ લાજાહોમઃ ॥ (પરિક્રમા - મંગલફેરા)

પ્રાયશ્ચિત્ત આહુતિઓ પછી લાજાહોમ (ડાંગરનો હોમ) અને અગ્નિની પ્રદક્ષિણા (મંગલફેરા)નો ક્રમ એક સાથે ચાલે છે.

**લાજાહોમ :** લાજાહોમને માટે કન્યાનો ભાઈ એક થાળીમાં ડાંગર લઈ પાછળ ઊભો રહે છે. એક મુટ્ઠી ડાંગર પોતાની બહેનને આપે છે. કન્યા આપેલી ડાંગર વરને આપી દે છે. વર તેને આહુતિ મંત્રની સાથે હોમી દે છે. આવું ત્રણવાર કરવામાં આવે છે. ત્રણેવાર ભાઈ મારફતે આપવામાં આવેલી ડાંગર કન્યા પોતાના પતિને આપે છે અને પતિ ત્રણેયવાર હવનકુંડમાં મંત્રની સાથે આહુતિ આપી દે છે. લાજાહોમમાં બહેનને ભાઈના ઘેરથી અન્ન (ડાંગરના રૂપમાં) મળે છે. તેને તે પોતાના પતિને સોંપી દે છે. કહે છે કે મારા પોતાના ઉપયોગ માટે પિતાને ઘેરથી મને જે કંઈ મળ્યું છે તેને છુપાવીને હું જુદું રાખતી નથી, તમને સોંપી દઉં છું. અલગપણું કે છુપાવવાનો કોઈ ભાવ મનમાં ન આવે એટલા માટે જે રીતે

પતિ કંઈક કમાણી કરે છે તે પત્નીને સોંપી દે છે તે જ રીતે પત્ની પણ પોતાને પ્રાપ્ત થયેલી વસ્તુઓ પતિના હાથમાં સોંપી દે છે. પતિ વિચારે છે કે અમે મહેનતથી જે કમાઈશું તેનાથી જ અમારું કામ ચલાવીશું. કોઈનું ઉદારતાપૂર્વક આપવામાં આવેલ અનુદાન મફતમાં લઈને અમે શા માટે કોઈના દેવાદાર કે ઋણી બનીએ ? એટલા માટે પતિ એ ડાંગરને વાયુ સ્વરૂપ બનાવી જગતના વાયુમંડળમાં વિખેરી દે છે. આ ક્રિયામાં એ મહાન માનવીય આદર્શ છુપાયેલો છે કે મફતમાં મળેલો માલ સ્વીકારવો ન જોઈએ અને સ્વીકારવો પડે તો લોકહિતનાં કામોમાં વાપરી નાંખવો જોઈએ. લોકોએ પોતાની મહેનતની જ કમાણીથી ગુજરાન ચલાવવું જોઈએ, મૃત્યુભોજન (બારમું) ની પાછળ પણ આ જ આદર્શ રહેલો હતો કે પિતા દ્વારા વારસામાં મળેલા ધનને વારસદારો પોતાના કામમાં વાપરતા નહોતા, પરંતુ સમાજની સેવામાં જ પરોવાયેલા બ્રાહ્મણોના નિર્વાહમાં અથવા બીજાં પુણ્ય કામોમાં એ ધનનો ઉપયોગ કરતા હતા. આ જ વાત દહેજની બાબતમાં પણ છે. પિતાના ઘેરથી ઉદારતાપૂર્વક જે આપ્યું તે એમની ઉમદા ભાવના છે, પરંતુ તમારીય ભાવના તો કંઈક એવી હોવી જોઈએ ને ? મફતનો માલ ખાવામાં કોઈ મહેનતુ માણસને, કમાતી વ્યક્તિને શરમ આવે તે સ્વાભાવિક છે. એમનું એવું વિચારવું બરાબર છે કે વગર મહેનતનું ધન અને તે પણ દાનની ઉચ્ચભાવનાથી આપવામાં આવેલું તેને પચશે નહિ. એટલા માટે એ ભેટસોગાદની લોકકલ્યાણનાં કામોમાં, પરમાર્થયજ્ઞમાં આહુતિ આપી દેવી જ ઉચિત છે. એટલા માટે પત્નીના ભાઈ દ્વારા આપવામાં આવેલ ડાંગરને તે યજ્ઞકાર્યમાં વાપરી નાખે છે. દહેજનો પણ સારો ઉપયોગ આ જ છે.

સારું તો એ જ છે કે જે કંઈ મળે તેનું દાન કરી દેવામાં આવે. લગ્ન વખતે જ નહિ, પરંતુ બીજા પ્રસંગો પર પણ જો કદાચ કશુંક એવું વગર મહેનતનું ભેટ સ્વરૂપે મળે તો એ બાબતે એક જ નીતિ રહેવી જોઈએ કે મફતનો માલ ખાઈને પરલોકના ઋણી નહિ બનીએ, પરંતુ એવા અનુદાનનો પરોપકારમાં ઉપયોગ કરીને તે ઉદાર પરંપરાને લોકકલ્યાણ માટે આગળ વધારીશું. ક્યાં એ ભારતીય સંસ્કૃતિની ઉદારભાવના અને ક્યાં આજના ધનના લાલચુઓ મારફતે કન્યાપક્ષનાં આંતરડાં ખેંચી નાખતી દહેજની રાક્ષસી માગણી ! બંનેમાં આસમાન જમીનનો તફાવત છે. જેણે પોતાના આત્માના ટુકડા જેવી કન્યા આપી દીધી તેના પ્રત્યે વરપક્ષનું રોમેરોમ ઉપકારી બનવું જોઈએ અને વિચારવું જોઈએ કે આ અલૌકિક ભેટના બદલામાં કઈ રીતે પોતાની શ્રદ્ધા તથા સદ્ભાવના વ્યક્ત કરી શકાય ? આવું થવાના બદલે ઊલટું જ્યારે કન્યાપક્ષને દબાયેલો સમજીને એને જુદી જુદી રીતે સતાવવાની અને ચૂસવાની યોજના બનાવવામાં આવે તો એવું સમજવું જોઈએ કે ભારતીય પરંપરાઓ બિલકુલ ઊલટી થઈ ગઈ છે અને ધર્મના સ્થાન પર અધર્મનું, દેવત્વના સ્થાને અસુરતાનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. લાજાહોમ (ડાંગરનો હોમ) વર્તમાનકાળમાં ચાલી રહેલી છીછરી માન્યતાઓને ધિક્કારે છે અને દહેજની બાબતમાં યોગ્ય દૃષ્ટિકોણ સ્વીકારવાની પ્રેરણા આપે છે.

## પરિક્રમા (મંગલફેરા)

પતિપત્ની અગ્નિની પ્રદક્ષિણા કરે, ડાબેથી જમણી બાજુ ચાલે. પહેલી ચાર પ્રદક્ષિણાઓમાં કન્યા આગળ રહે અને વર પાછળ રહે. ચાર ફેરા થઈ ગયા પછી વરને આગળ

કરવામાં આવે અને કન્યા પાછળ રહે. ફેરા ફરતી વખતે પરિક્રમા મંત્ર બોલવામાં આવે તથા દરેક પ્રદક્ષિણા પૂરી થતાં એક એક આહુતિ વરવહુ ગાયત્રી મંત્રથી આપતાં રહે. આનું તાત્પર્ય એ છે કે ઘર તથા કુટુંબનાં કામોમાં પત્નીની નેતાગીરી રહેશે. એટલે કે તેની સલાહ અને માર્ગદર્શનને મહત્ત્વ આપવામાં આવશે. વર તેને અનુસરશે કારણ કે ધંધાકીય કામોમાં પુરુષનો અનુભવ વધારે હોય છે. આમ તો બંનેએ ઘરમાં અને બહાર બધાંય કામોમાં એકબીજાની સલાહ અને વિચારવિનિમયથી જ કોઈક વસ્તુ નક્કી કરવી જોઈએ. જેનામાં જે બાબતની જાણકારી ઓછી હોય તેનામાં તે જાણકારી વધારીને પોતાની સમકક્ષ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. ભાવનાક્ષેત્રમાં નારી આગળ છે અને કર્મક્ષેત્રમાં પુરુષ. બંનેય પક્ષ પોતપોતાના સ્થાને મહત્ત્વપૂર્ણ છે. બધું જોતાં સ્ત્રીનું વર્ચસ્વ, પદ, ગૌરવ અને વચન મોટું હોવાથી તેણે આગળ રહીને ચાર ફેરા ફરવાના અને પુરુષને ત્રણ ફેરા ફરવાનો અવસર આપવામાં આવે છે. ગૌરવની ચૂંટણીમાં ૪ વૉટ કન્યાને અને ૩ વૉટ વરને મળે છે. એટલા માટે હંમેશાં પુરુષથી પહેલું સ્થાન સ્ત્રીને મળ્યું છે. સીતારામ, રાધેશ્યામ, લક્ષ્મીનારાયણ, ઉમામહેશ કે ગૌરીશંકર વગેરે જોડકાંમાં પહેલું સ્ત્રીનું નામ છે, પછી પુરુષનું.

**ક્રિયા અને ભાવના :** ડાંગરનો હોમ અને પરિક્રમાનો ક્રમ ભેગો ચાલે છે. શિલારોહણ પછી વરવહુ ઊભાં ઊભાં ગાયત્રી મંત્રથી એક આહુતિ આપે. હવે પરિક્રમા મંત્રની સાથે પરિક્રમા કરે. વહુ આગળ અને વર પાછળ ચાલે.

એક ફેરો પૂરો થયા પછી ડાંગરના હોમની એક આહુતિ આપે. આહુતિ આપીને બીજો ફેરો પહેલાંની જેમ જ પરિક્રમા મંત્ર બોલતાં બોલતાં ફરે.

આ જ રીતે ડાંગરના હોમની બીજી આહુતિ આપી ત્રીજો ફેરો તથા ચોથો ફેરો ફરવામાં આવે.

આહુતિની સાથે પતિપત્ની ભાવના કરે કે બહાર યજ્ઞીય ઊર્જા અને અંતઃકરણમાં યજ્ઞીય ભાવના તીવ્ર બની રહી છે. ફેરા ફરવાની સાથે ભાવના કરવામાં આવે કે યજ્ઞીય અનુશાસનને માનીને તથા યજ્ઞના અગ્નિને સાક્ષી માનીને આદર્શ દાંપત્યજીવનનો નિર્વાહ કરવાનો દૃઢ સંકલ્પ કરી રહ્યાં છીએ.

## ॥ લાજાહોમ મંત્રા : ॥

**ૐ અર્યમણં દેવં કન્યા અગ્નિમયક્ષત । સ નોઙઅર્યમા દેવઃ પ્રેતો મુંચતુ મા પતેઃ સ્વાહા । ઈદમ્ અર્યમ્ણે અગ્નયે ઈદં ન મમ ॥૧ ॥**

**ૐ ઈયં નાર્યુપબ્રૂતે લાજા નાવપન્તિકા । આયુષ્માનસ્તુ મે પતિરેધન્તાં, જ્ઞાતયો મમ સ્વાહા । ઈદં અગ્નયે ઈદં ન મમ ॥ ૨ ॥**

**ૐ ઈમાંલ્લાજાનાવપામ્યગ્નૌ સમૃદ્ધિકરણં તવ । મમ તુભ્યં ચ સંવનનં, તદગ્નિરનુમન્યતામિય ઙ્ગ્ સ્વાહા । ઈદં અગ્નયે ઈદં ન મમ ॥ ૩ ॥** પાર. ગૃ. સૂ. ૧/૬/૨

## ॥ પરિક્રમા મંત્રઃ ॥

**ૐ તુભ્યમગ્રે પર્યવહન્ત્સૂર્યાં વહતુ ના સહ ।**
**પુનઃ પતિભ્યો જાયાં દા અગ્ને પ્રજયા સહ ॥**

ઋગ્વેદ ૧૦/૮૫/૩૮/ પાર.ગૃ.સૂ.૧/૭/ ૩

## ॥ સપ્તપદી ॥

**દિશા અને પ્રેરણા :** ફેરા ફરી લીધા પછી સપ્તપદીની ક્રિયા કરવામાં આવે છે. સાત વખત વરવહુ સાથેસાથે કદમ મેળવીને લશ્કરના સૈનિકોની જેમ આગળ વધે છે.

ચોખાની સાત ઢગલીઓ કે નાડાછડી બાંધેલાં કોડિયાં રાખવામાં આવે છે. આ લક્ષ્યચિહ્નોને પગ અડકાડતાં બંને એક એક પગલું આગળ વધે છે. પ્રત્યેક પગલા સાથે મંત્ર બોલવામાં આવે છે.

પહેલું પગલું અન્ન માટે, બીજું બળ માટે, ત્રીજું ધન માટે, ચોથું સુખ માટે, પાંચમું કુટુંબ માટે, છઠ્ઠું ઋતુચર્યા માટે અને સાતમું મિત્રતા માટે ભરવામાં આવે છે. લગ્ન થયા પછી પતિપત્નીએ ભેગાં મળીને સાત કાર્યક્રમો સ્વીકારવા પડે છે. એમાં બંનેનું ઉચિત અને ન્યાયી યોગદાન  રહે તેની રૂપરેખા સપ્તપદીમાં નક્કી કરવામાં આવી છે. પહેલું પગલું અન્ન માટે છે. આહાર સ્વાસ્થ્યકારક અને સ્વાસ્થ્યવર્ધક હોય. ઘરમાં ચટાકેદાર ભોજનને સ્થાન ન આપવું જોઈએ. રસોઈમાં જે બને તે આરોગ્યની રક્ષા કરે તેવું હોવું જોઈએ. પછી ભલે તે સ્વાદિષ્ટ ન હોય. અન્નનું ઉત્પાદન, અન્નનું રક્ષણ તથા અન્નનો સદુપયોગ જે કરી શકે છે તે જ સફળ ગૃહસ્થ છે. વધારે રાંધવું, એઠું છાંડવું, વાસણ ખુલ્લાં રાખીને અન્નની  બરબાદી કરવી, મરચું  તથા મસાલાના ઉપયોગથી તમોગુણી બનવું - બનાવવું, સ્વચ્છતાનું ધ્યાન ન રાખવું વગેરે બાબતોના કારણે ખોરાક માટે ખૂબ ખર્ચ કરવા છતાંય આરોગ્ય બગડે છે. એટલા માટે દાંપત્યજીવનની જવાબદારી એ છે કે ખોરાકની સાત્ત્વિકતાનું યોગ્ય ધ્યાન રાખવામાં આવે.

બીજું પગલું શારીરિક અને માનસિક બળ માટે છે. વ્યાયામ, મહેનત, ઉચિત અને નિયમિત આહારવિહારથી શરીરનું બળ સ્થિર રહે છે. અભ્યાસ અને વિચારવિમર્શથી મનોબળ વધે છે. જે ઉપાયો વડે બંને પ્રકારનાં બળ વધે, બંને

વધુ સમર્થ, સ્વસ્થ અને સશક્ત બને એવો ઉપાય વિચારતા રહેવું જોઈએ.

ત્રીજું પગલું ધન માટે છે. આર્થિક વ્યવસ્થા બજેટ બનાવીને ચલાવવામાં આવે, ખોટા ખર્ચમાં કાણી કોડી પણ ન વેડફાય તે જોવું જોઈએ. ઉચિત કાર્યોમાં કંજૂસાઈ કરવામાં ન આવે. ફૅશન, વ્યસન, મોટાઈ વગેરે માટે પૈસા ન ખર્ચતાં તેને કુટુંબની પ્રગતિ માટે સંભાળીને રાખવામાં આવે. કમાણી કરવામાં પતિપત્ની બંને પ્રયત્ન કરે. પુરુષ બહાર જઈ ખેતી, નોકરી વગેરે કરે છે, તો સ્ત્રીઓ સીવણ, ધોલાઈ, સફાઈ, તૂટેલી વસ્તુઓનું સમારકામ વગેરે કરીને એ રીતની કમાણી કરે છે. કમાણીમાં જેટલું ધ્યાન રાખવામાં આવે છે એટલું જ ધ્યાન ખર્ચ કરવામાં પણ રાખવું અને ઘરની આર્થિક વ્યવસ્થા સંભાળતા રહેવું તે દાંપત્યજીવનનું જરૂરી કર્તવ્ય છે.

ચોથું પગલું સુખને માટે છે. આરામ, મનોરંજન તથા વિનોદનું એવું વાતાવરણ બનાવવામાં આવે કે ગરીબીમાં પણ અમીરી જેવો આનંદ મળે. બંને પ્રસન્નચિત્ત રહે, હસવાની ટેવ રાખે અને હસતાં હસતાં જિંદગી જીવે. ચિત્તને હલકું રાખે, સંતોષી રહીને સુખની નીતિ અપનાવે.

પાંચમું પગલું પરિવારપાલનનું છે. નાનાં મોટાં બધાંની સાથે યોગ્ય વ્યવહાર રાખવો જોઈએ. પોતાના આશરે રહેલાં પશુઓ અને નોકરો બધાંને કુટુંબ માનવું જોઈએ. આ બધાં આશ્રિતોની ઉચિત દેખરેખ, સંરક્ષણ, પ્રગતિ અને સુખશાંતિનું ધ્યાન રાખવું જોઈએ.

છઠ્ઠું પગલું ઋતુચર્યાનું છે. સંતાનોત્પાદન એક સ્વાભાવિક વૃત્તિ છે, એટલે દાંપત્યજીવનમાં તેનુંય સ્થાન છે, પણ એ

સંબંધમાં મર્યાદાઓનું પૂરી કઠોરતાપૂર્વક અને સાવધાન રહીને પાલન કરવું જોઈએ કારણ કે અસંયમના કારણે બંનેનું આરોગ્ય બગડવાની પૂરી શક્યતા છે. તે સ્થિતિ ન આવવી જોઈએ. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ બ્રહ્મચર્યનું ઉચિત પાલન કરવું જોઈએ. બંને એકબીજાના સાથી, સહયોગી અને મિત્ર બનીને રહે. કામવાસનાના સર્વનાશી પ્રસંગોથી મોટાભાગે દૂર રહેવામાં આવે. બાળકો પેદા કરતાં પહેલાં હજારવાર વિચારવામાં આવે કે પોતાની આર્થિક, શારીરિક અને માનસિક સ્થિતિ બાળકને સંસ્કારી બનાવવા જેટલી સક્ષમ છે કે નહિ. મર્યાદિત બાળકો પેદા કરવાની જવાબદારી સમજવી જોઈએ.

સાતમું પગલું મિત્રતાને સ્થિર રાખવા અને વધારવા માટે ભરવામાં આવે છે. બંને એ વાત પર બારીકાઈથી વિચાર કરતાં રહે કે તેમના તરફથી કોઈ ખામી તો રાખવામાં આવી નથી ને કે જેના કારણે સાથીને ગુસ્સે કે અસંતુષ્ટ થવાનો પ્રસંગ આવે. બીજો પક્ષ કંઈક ભૂલ કરી રહ્યો હોય તો તેનો જવાબ કઠોરતા, કર્કશતા અને દુષ્ટતાથી નહિ, પરંતુ સજ્જનતા અને સહૃદયતા સાથે આપવો જોઈએ, જેથી એ મહાનતાથી દબાઈને સાથીદારને જાતે જ સુધરવાની આંતરિક પ્રેરણા પ્રાપ્ત થાય. બહારના લોકોની સાથે, દુષ્ટોની સાથે, દુષ્ટતાની નીતિ અમુક હદ સુધી અપનાવી શકાય છે, પણ આત્મીયજનોનું હૃદય જીતવા માટે ઉદારતા, સેવા, સૌજન્ય, ક્ષમા જેવાં શસ્ત્રો જ કામમાં લેવાં જોઈએ. સપ્તપદીમાં સાત પગલાં ભરતાં આ સાત આધારોને હૃદયમાં ઉતારવા જોઈએ. આ આદર્શો અને સિદ્ધાંતોને પતિપત્ની અપનાવી લે અને એ માર્ગ ઉપર આગળ

વધવાનું વિચારી લે તો દાંપત્યજીવનની સફળતામાં કોઈ શંકા જ રહેતી નથી.

**ક્રિયા અને ભાવના :** વરવહુ ઊભાં થાય, દરેક પગલું ભરતાં પહેલાં દેવશક્તિઓની સાક્ષીનો મંત્ર બોલવામાં આવે છે. એ સમયે વરવહુ હાથ જોડીને ધ્યાન કરે. ત્યાર પછી પગલું ભરવાનો મંત્ર બોલાય ત્યારે પહેલાં જમણો પગ આગળ વધારવામાં આવે. એ જ રીતે એક એક કરતાં સાત પગલાં દેવશક્તિઓની સાક્ષીએ ભરવામાં આવે. ભાવના કરવી કે યોજનાબદ્ધ પ્રગતિશીલ જીવન માટે દેવોની હાજરીમાં જ સંકલ્પ લેવામાં આવી રહ્યો છે. સંકલ્પ અને દેવની કૃપાનો ભેગો લાભ જીવનભર મળતો રહેશે.

(૧) અન્નવૃદ્ધિ માટે પહેલું પગલું : સર્વવ્યાપક પરમાત્માની સાક્ષીમાં.

**ૐ એકો વિષ્ણુર્જગત્સર્વં, વ્યાપ્તં યેન ચરાચરમ્ ।**
**હૃદયે યસ્તતો યસ્ય, તસ્ય સાક્ષી પ્રદીયતામ્ ॥**

પહેલું પગલું -

**ૐ ઈષ એકપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥ ૧ ॥**

(૨) બળવૃદ્ધિ માટે બીજું પગલું : જીવ, બ્રહ્મ, પૃથ્વી, આકાશ અને સૂર્ય ચંદ્રની સાક્ષીમાં.

**ૐ જીવાત્મા પરમાત્મા ચ, પૃથ્વી આકાશમેવ ચ ।**
**સૂર્યચંદ્રદ્વયોર્મધ્યે, તસ્ય સાક્ષી પ્રદીયતામ્ ॥**

બીજું પગલું -

**ॐ ઊર્જે દ્વિપદી ભવ સા મામનુવ્રતા ભવ। વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥ ૨ ॥**

(૩) ધનવૃદ્ધિ માટે ત્રીજું ચરણ : ત્રણ ગુણ, ત્રણ શક્તિઓ, ત્રણ લોક અને ત્રણ સંબંધીઓની સાક્ષીમાં.

**ॐ ત્રિગુણાશ્ચ ત્રિદેવાશ્ચ, ત્રિશક્તિઃ સત્પરાયણાઃ ।**
**લોકત્રયે ત્રિસંધ્યાયાઃ, તસ્ય સાક્ષી પ્રદીયતામ્ ॥**

ત્રીજું પગલું -

**ॐ રાયસ્પોષાય ત્રિપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુ સ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ,બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૩॥**

(૪) સુખવૃદ્ધિ માટે ચોથું ચરણ : ચાર મુખવાળા બ્રહ્મા, ચાર વેદ અને ચાર યુગોની સાક્ષીમાં.

**ॐ ચતુર્મુખસ્તતો બ્રહ્મા, ચત્વારો વેદ સંભવાઃ ।**
**ચતુર્યુગાઃ પ્રવર્તન્તે, તેષાં સાક્ષી પ્રદીયતામ્ ॥**

ચોથું પગલું -

**ॐ માયો ભવાય ચતુષ્પદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૪॥**

(૫) પ્રજાપાલનને માટે પાંચમું પગલું : પાંચભૂતો, પાંચ પ્રાણ અને પાંચ દેવોની સાક્ષીમાં.

**ॐ પંચમે પંચ ભૂતાનાં, પંચ પ્રાણૈઃ પરાયણાઃ ।**
**તત્ર દર્શનપુણ્યાનાં, સાક્ષિણઃ પ્રાણ પંચધા ॥**

પાંચમું પગલું -

**ॐ પ્રજાભ્યઃ પંચપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતું પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૫॥**

(૬) ઋતુ વહેવાર માટે છઠ્ઠું પગલું : સ્વામી કાર્તિક, ૭ ઋતુઓ તથા ૭ રસોની સાક્ષીમાં.

**ૐ ષષ્ઠે તુ ષડ્ઋતુણાં ચ, ષણ્મુખઃ સ્વામિ કાર્તિકઃ ।**
**ષડ્રસા યત્ર જાયન્તે, કાર્તિકેયાશ્ચ સાક્ષિણઃ ॥**

છઠ્ઠું પગલું -

**ૐ ઋતુભ્યઃ ષટ્પદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૬॥**

(૭) સુખવૃદ્ધિને માટે સાતમું પગલું : સાત સાગરો, સાત દ્વીપ અને સાત ઋષિપત્નીઓની સાક્ષીમાં.

**ૐ સપ્તમે સાગરાશ્ચૈવ, સપ્તદ્વીપાઃ સપર્વતાઃ ।**
**યેષાં સપ્તર્ષિપત્નીનાં, તેષામાદર્શસાક્ષિણઃ ॥**

સાતમું પગલું -

**ૐ સખે સપ્તપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥ ૭ ॥**

પાર. ગૃ.સૂ. ૧/૮/૧-૨/ - આશ્વ. ગૃ. ૧૭/૧૯

## ॥ આસન પરિવર્તનમ્ ॥

સપ્તપદી પછી આસન બદલવામાં આવે છે. અત્યાર સુધી વહુ જમણી બાજુ હતી અર્થાત્ બહારની વ્યક્તિ હતી. હવે સપ્તપદી સુધીની પ્રતિજ્ઞાઓમાં બંધાઈ જવાના કારણે તે અર્ધાંગિની, આત્મીયજન બની જાય છે. એટલા માટે તેને ડાબી બાજુ બેસાડવામાં આવે છે. ડાબેથી જમણી બાજુ લખવાનો ક્રમ છે. ડાબું પહેલું અને જમણું બીજું માનવામાં આવે છે. સપ્તપદી પછી હવે પત્નીને મુખ્ય પદ મળી જાય

છે. લક્ષ્મીનારાયણ, ઉમામહેશ, સીતારામ, રાધેશ્યામ, શચીપુરંદર વગેરે નામોમાં પત્નીને પ્રથમ અને પતિને બીજું સ્થાન મળે છે. સ્ત્રીનું જમણી બાજુથી ડાબી બાજુ આવવું તે હક્ક આપવા જેવું છે. ડાબી બાજુ આવ્યા પછી પત્ની ગૃહસ્થ જીવનની મુખ્ય સૂત્રધાર બને છે.

**ૐ ઈહ ગાવો નિષીદન્તુ, ઈહાશ્વા ઈહ પુરુષાઃ ।**
**ઈહો સહસ્રદક્ષિણોયજ્ઞ, ઈહ પુષા નિષીદતુ ॥**

## ॥ પાદપ્રક્ષાલન ॥

આસન પરિવર્તન પછી ગૃહસ્થાશ્રમના સાધકના રૂપમાં વરવહુનું સન્માન પગ ધોઈને કરવામાં આવે છે. કન્યાપક્ષ તરફથી પ્રતિનિધિ રૂપે કોઈ દંપતી અથવા એકલી વ્યક્તિ પગ ધોવાની ક્રિયા કરે. પગ ધોનારી વ્યક્તિનું પવિત્રીકરણ કરવામાં આવે. હાથમાં હળદર તથા દર્ભ (ડાભ) લઈ થાળીમાં પાણી લઈ પગ ધોવા. પ્રથમ મંત્રની સાથે ત્રણવાર વરવહુના પગ ધુએ અને બીજા મંત્રની સાથે યથાશક્તિ શ્રદ્ધાપૂર્વક ભેટ આપે.

### પાદપ્રક્ષાલન મંત્ર

**ૐ યા તે પતિઘ્ની પ્રજાઘ્ની પશુઘ્ની, ગૃહઘ્ની યશોઘ્ની નિદિન્તા તનૂર્જારઘ્ની તતડએનાં કરોમિ, સા જીર્ય ત્વં મયા સહ ।**

પાર. ગૃ.સૂ. ૧/૧૧

**ૐ બ્રાહ્મણા શાલાં નિમિતાં, કવિભિર્નિમિતાં મિતામ્ ।**
**ઈન્દ્રાગ્ની રક્ષતાં શાલામમૃતૌ સોમ્યં સદઃ ॥**

- અથર્વ ૯/૧૩/૯

## ॥ ધ્રુવ- સૂર્ય ધ્યાન ॥

ધ્રુવનો તારો સ્થિર છે. બીજા બધા તારાઓ ગતિશીલ રહે છે, પણ ધ્રુવ પોતાના નિશ્ચિત સ્થાન પર સ્થિર રહે છે. બીજા તારાઓ એની પ્રદક્ષિણા કરે છે. ધ્રુવ દર્શનનો અર્થ છે - બંને પોતપોતાનાં પવિત્ર કર્તવ્યો પર એવી રીતે દૃઢ રહેશે કે જેવી રીતે ધ્રુવતારો રહેલો છે. કોઈક કારણ પેદા થવા છતાં પણ આ આદર્શોથી વિચલિત નહિ થવાની પ્રતિજ્ઞાને નિભાવવામાં આવે, વ્રતને પાળવામાં આવે અને સંકલ્પ પૂરો કરવામાં આવે. ધ્રુવ સ્થિર ચિત્તે રહેવાની તથા પોતાના કર્તવ્યમાં અડગ બની રહેવાની પ્રેરણા આપે છે. આ પ્રમાણે સૂર્યની પોતાની પ્રખરતા, તેજસ્વિતા અને મહત્તા હંમેશાં સ્થિર રહે છે. અમે સૂર્યની જેમ અમારી પ્રખરતા વધારીશું, અમારા દાંપત્યજીવનને તેજસ્વી બનાવીશું. આવી ભાવના પતિપત્ની સૂર્યદર્શન કરતાં કરતાં કરે.

## ॥ સૂર્યધ્યાન ॥

**ૐ તચ્ચક્ષુર્દેવહિતં પુરસ્તાચ્છુક્રમુચ્ચરત્ । પશ્યેમ શરદઃ શતં, જીવેમ શરદઃ શત શૃણુયામ શરદઃ શતં, પ્રબ્રવામ શરદઃ શતમદીનાઃ, સ્યામ શરદઃ શતં, ભૂયશ્ચ શરદઃ શતાત્ ॥**

- યજુ. ૩૬/૨૪

## ॥ ધ્રુવધ્યાન ॥

**ૐ ધ્રુવમસિ ધ્રુવં ત્વા પશ્યામિ, ધ્રુવૈધિ પોષ્યે મયિ । મહ્યં ત્વાદાત્ ॥ બૃહસ્પતિર્મયાપત્યા, પ્રજાવતી સંજીવ શરદઃ શતમ્ ॥**

## ॥ શપથ આશ્વાસન ॥

પતિપત્ની એકબીજાના માથા ઉપર હાથ મૂકી સમાજની આગળ સોગંદ લે છે, એક ખૂબ જ હૃદયસ્પર્શી આશ્વાસન આપી છેલ્લી પ્રતિજ્ઞા કરે છે કે અમે જિંદગીભર ઈમાનદાર, નિષ્ઠાવાન અને એકબીજાને વફાદાર રહીશું.

ભૂતકાળમાં સ્ત્રીઓની સાથે પુરુષોનો વ્યવહાર છળકપટ અને વિશ્વાસઘાતીઓ જેવો રહ્યો છે. રૂપયૌવનના લોભમાં થોડાક દિવસ મીઠી વાતો કરે છે, પણ પાછળથી ક્રૂરતા અને દુષ્ટતા આચરે છે. તેને સતાવે છે અને તિરસ્કૃત કરે છે. પગના જૂતા જેવી ગણીને તેની પર એટલાં બંધન રાખે છે કે જેટલાં પાળેલાં પશુપક્ષીઓ પર પણ હોતાં નથી. પ્રતિજ્ઞાઓ તોડીને આર્થિક સ્વચ્છંદતા અને ચારિત્ર્યભ્રષ્ટતાથી વર્તે છે અને પત્નીની ઈચ્છા કે આવશ્યકતાની પણ કરવા નથી કરતો. સમાજમાં આવી ઘટનાઓ ઓછી નથી બનતી. આવી દશામાં પત્નીના મનમાં પતિએ લીધેલી પ્રતિજ્ઞાઓ ફક્ત એક ઔપચારિકતા જ રહી જવાની શંકા ઉત્પન્ન થાય છે. સ્થિતિને જોતાં આવો ભય હોવો ખૂબ સ્વાભાવિક છે. છોકરાં ન હોવાં અથવા છોકરીઓ જ જન્મે છે જેવાં તુચ્છ બહાનાં કાઢીને લોકો બીજું લગ્ન કરવા માટે તૈયાર થઈ જાય છે. જાતજાતના અત્યાચાર કરે છે. પતિ માથા ઉપર હાથ મૂકીને સોગંદ લે છે

કે બીજા દુષ્ટ લોકોના જેવો પોતે નહિ બને. તે દેવતાઓની સાક્ષીમાં તથા વડીલોની હાજરીમાં તેના મસ્તક ઉપર હાથ મૂકી વિશ્વાસ આપે છે, વચન આપે છે કે અન્ય લોકોની જેમ મારા તરફથી એવો ખરાબ વ્યવહાર હું કદાપિ નહિ કરું. આ પ્રમાણે પત્ની પણ પોતાની નિષ્ઠા બાબતમાં પતિને આ સોગંદ દ્વારા વિશ્વાસ આપે છે. મંત્રોચ્ચારની સાથે બંને એકબીજાના માથે અથવા ખભાને સ્પર્શ કરે.

**ૐ મમ વ્રતે તે હૃદયં દધામિ, મમ ચિત્તમનુચિત્તં અસ્તુ ।**
**મમ વાચમેકમના જુષસ્વ, પ્રજાપતિષ્ટ્વા નિયુનક્તુ મહ્યમ્ ॥**

- પાર. ગૃ.સૂ. ૧/૮૮

## ॥ સુમંગલી - સિંદુરદાન ॥

મંત્રની સાથે વર અનામિકા તથા અંગૂઠાથી સિંદુર લઈ વહુની સેંથીમાં ત્રણવાર લગાવે છે. ભાવના કરે કે હું વહુને માટે સૌભાગ્ય બનીને રહું. તેના સૌભાગ્યને વધારનારો બની રહું.

**ૐ સુમંગલીરિયં વધૂરિમા ँ સમેત પશ્યત સૌભાગ્યમસ્યૈ દત્વા યાથાસ્તં વિપરેતન । "સુભગા સ્ત્રી સાવિત્ર્યાસ્તવ સૌભાગ્યં ભવતુ ॥"**

## ॥ મંગલ તિલકમ્ ॥

વહુ વરને મંગલ તિલક કરે અને ભાવના કરે કે પતિનું સન્માન રાખતાં તેના ગૌરવને વધારનારી બનું.

**ૐ સ્વસ્તયે વાયુમુપબ્રવામહૈ સોમં સ્વસ્તિ ભુવનસ્ય યસ્પતિઃ । બૃહસ્પતિં સર્વગણં સ્વસ્તયે, સ્વસ્તયઙ આદિત્યાસો ભવન્તુ નઃ ॥**

- ઋગ્વેદ ૫/૫/૧/ ૧૨

## ॥ સ્વિષ્ટકૃત હોમ ॥

દરેક કર્મ યોગ્ય રીતે કરીએ ત્યારે જ તે ફળદાયક બને છે, પરંતુ માનવીથી ભૂલ કે અશુદ્ધિ રહી જવી સ્વાભાવિક છે. એટલા માટે આ આહુતિ એ ત્રુટિ કે અશુદ્ધિની પૂર્તિ માટે પ્રાયશ્ચિત્ત રૂપે આપવામાં આવે છે. નક્કી કરેલ સંખ્યામાં ગાયત્રી મંત્રથી આહુતિઓ આપ્યા પછી મિષ્ટાન્ન, ખીર, શીરો વગેરેથી આહુતિ આપવી જોઈએ.

**ૐ યદસ્ય કર્મણોઽત્યરીરિચં, યદ્વાન્યૂનમિહાકરમ્ । અગ્નિષ્ટત્ સ્વિષ્ટકૃદ્ વિદ્યાત્સર્વં સ્વિષ્ટં સુહુતં કરોતુ મે । અગ્નયે સ્વિષ્ટકૃતે સુહુતહુતે, સર્વ પ્રાયશ્ચિત્તાહુતીનાં કામાનાં, સમર્દ્ધયિત્રે સર્વાન્નઃ કામાન્ત્સમર્દ્ધય સ્વાહા । ઈદં અગ્નયે સ્વિષ્ટકૃતે ઈદં ન મમ ॥**

## ॥ પૂર્ણાહુતિઃ ॥

સ્રુચીમાં સોપારી અથવા ઘી ભરેલું શ્રીફળ રાખી પૂર્ણાહુતિ કરો.

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં, પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય, પૂર્ણમેવાવશિષ્યતે ॥**
**ૐ પૂર્ણાદર્વિ પરાપત, સુપૂર્ણા પુનરાપત ।**
**વસ્નેવ વિક્રીણા વહા, ઈષમૂર્જં ઙ્ગ્ શતક્રતો સ્વાહા ॥**
**ૐ સર્વં વૈ પૂર્ણં ઙ્ગ્ સ્વાહા ॥**

## ॥ વસોર્ધારા ॥

ત્યારપછી ઘીની અતૂટ ધારા કરો. (મંત્રના ઉચ્ચારણ સાથે)

**ૐ વસોઃ પવિત્રમસિ શતધારં, વસોઃ પવિત્રમસિ સહસ્રધારમ્ । દેવસ્ત્વા સવિતા પુનાતુ વસોઃ, પવિત્રેણ શતધારેણ સુપ્વા, કામધુક્ષઃ સ્વાહા ॥**

## ॥ આરતી ॥

નીચેના મંત્ર દ્વારા આરતી ઉતારો.

**ૐ યં બ્રહ્મવેદાન્તવિદો વદન્તિ, પરં પ્રધાનં પુરુષં તથાન્યે ।**
**વિશ્વોદ્ગતેઃ કારણમીશ્વરંવા, તસ્મૈનમો વિઘ્ન વિનાશનાય ॥**
**ૐ યં બ્રહ્મા વરુણેન્દ્રરુદ્રમરુતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈઃ,**
**વેદૈઃ સાંગપદક્રમોપનિષદૈઃ, ગાયન્તિ યં સામગાઃ ।**
**ધ્યાનાવસ્થિત તદ્ગતેન મનસા, પશ્યન્તિ યં યોગિનો,**
**યસ્યાન્તં ન વિદુઃ સુરાસુરગણાઃ, દેવાય તસ્મૈ નમઃ ॥**

## ॥ ઘૃત અવઘ્રાણમ્ ॥

પ્રણિતામાં 'ઈદં ન મમ્' સાથે ટપકાવેલ ઘીને બંને હથેળીમાં લગાવીને અગ્નિ સામે ધરવામાં આવે, તેને સૂંઘે તથા મોં, આંખ, કાન વગેરે પર ચોપડવામાં આવે.

મંત્ર-**ૐ તનૂપા અગ્નેઽસિ, તન્વં મે પાહિ ।**
**ૐ આયુર્દા અગ્નેઽસિ, આયુ મે દેહિ ॥**
**ૐ વર્ચોદા અગ્નેઽસિ, વર્ચો મે દેહિ ।**
**ૐ અગ્ને યન્મે તન્વાઽ, ઊનન્તન્મઽઆપૃણ ॥**
**ૐ મેધાં મે દેવઃ, સવિતા આદધાતુ ।**
**ૐ મેધાં મે દેવી, સરસ્વતી આદધાતુ ॥**
**ૐ મેધા મે અશ્વિનૌ, દેવાવાધત્તા પુષ્કરસ્રજૌ ॥**

## ॥ ભસ્મધારણમ્ ॥

સ્રુવાથી યજ્ઞની ભસ્મ લઈને અનામિકા આંગળીથી નીચેના મંત્રો દ્વારા કપાળ, ગરદન અને જમણા ખભા ઉપર તથા હૃદય પર લગાડો.

ૐ ત્ર્યાયુષં જમદગ્નેઃ, ઈતિ લલાટે ।
ૐ કશ્યપસ્ય ત્ર્યાયુષમ્, ઈતિ ગ્રીવાયામ્ ।
ૐ યદ્દેવેષુ ત્ર્યાયુષમ્, ઈતિ દક્ષિણબાહુમૂલે ।
ૐ તન્નો અસ્તુ ત્ર્યાયુષમ્, ઈતિ હૃદિ ।

## ॥ ક્ષમાપ્રાર્થના ॥

ૐ આવાહનં ન જાનામિ, નૈવ જાનામિ પૂજનમ્ ।
વિસર્જનં ન જાનામિ, ક્ષમસ્વ પરમેશ્વર ॥૧॥
મંત્રહીનં ક્રિયાહીનં, ભક્તિહીનં સુરેશ્વર ।
યત્પૂજિતં મયાદેવ ! પરિપૂર્ણં તદસ્તુ મે ॥૨॥
યદક્ષરપદભ્રષ્ટં, માત્રાહીનં ચ યદ્ ભવેત્ ।
તત્સર્વં ક્ષમ્યતાં દેવ ! પ્રસીદ પરમેશ્વર ॥૩॥
યસ્ય સ્મૃત્યા ચ નામોક્ત્યા, તપોયજ્ઞક્રિયાદિષુ ।
ન્યૂનં સંપૂર્ણતાં યાતિ, સદ્યો વન્દે તમચ્યુતમ્ ॥૪॥
પ્રમાદાત્કુર્વતાં કર્મ, પ્રચ્યવેતાધ્વરેષુ યત્ ।
સ્મરણાદેવ તદ્વિષ્ણોઃ, સંપૂર્ણં સ્યાદિતિશ્રુતિઃ ॥૫॥

## ॥ સાષ્ટાંગ નમસ્કારમ્ ॥

ત્યારપછી યજ્ઞ ભગવાનની સામે ઢીંચણ પર ઝૂકીને સાષ્ટાંગ પ્રણામ કરો. નીચેનો મંત્ર બોલો -

**ૐ નમોઽસ્ત્વનન્તાય સહસ્રમૂર્તયે,**
**સહસ્રપાદાક્ષિશિરોરુબાહવે ।**
**સહસ્રનામ્ને પુરુષાય શાશ્વતે,**
**સહસ્રકોટિયુગધારિણે નમઃ ॥**

## ॥ અભિષેક સિંચન ॥

વરકન્યા પર કળશના જળથી સિંચન-અભિષેક કરવામાં આવે. ભાવના કરવામાં આવે કે જે સદ્સંસ્કાર વાવવામાં આવ્યા છે તેમને દિવ્ય જળથી સિંચવામાં આવી રહ્યા છે. બધાંના સદ્ભાવથી તેમનો વિકાસ થશે અને સફળતા તથા કુશળતાનાં કલ્યાણકારી ફળો એમાં લાગશે.

## ॥ અભિષેક મંત્રાઃ ॥

**ગણપતિઃ ગિરિજા વૃષભધ્વજઃ**
**ષણ્મુખો નંદીમુખ ડિમડિમા ।**
**મનુજમાલત્રિશૂલમૃગત્વચઃ,**
**પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥ ૧ ॥**
**રવિશશી કુજ ઇન્દ્રજગત્પતિઃ**
**ભૃગુજ ભાનુજ સિંધુજ કેતવઃ ।**
**ઉડુગણા તિથિ યોગ ચ રાશયઃ**
**પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૨ ॥**
**વરુણ ઇન્દ્ર કુબેર હુતાશનાઃ**
**યમ સમીરણ વારણ કુંજરાઃ ।**

સુરગણાઃ સુરાશ્ચ મહીધરાઃ
પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥ ૩ ॥
સુરસરી રવિનંદિનિ ગોમતી,
સરયૂતામપિ સાગર ઘર્ઘરા
કનક્યામયિ ગંડકી નર્મદા
પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૪ ॥
હરિપુરી મથુરા ચ ત્રિવેણિકા
બદરિ વિષ્ણુ બટેશ્વર કૌશલા
મય ગયામપિ દર્દર દ્વારિકા,
પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૫ ॥
ભૃગુ મુનિશ્ચ પુલસ્તિ ચ અંગિરા,
કપિલવસ્તુ અગસ્ત્ય ચ નારદઃ ।
ગુરુવશિષ્ઠ સનાતન જૈમિની
પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૬ ॥
ઋગ્વેદોડથ યજુર્વેદ, સામવેદોહ્યથર્વણઃ ।
રક્ષન્તુ ચતુરોવેદાઃ, યાવચ્ચન્દ્ર દિવાકરૌ ॥

## ॥ વિસર્જનમ્ ॥

ૐ ગચ્છ ત્વં ભગવન્નગ્ને, સ્વસ્થાને કુંડ મધ્યતઃ ।
હુતમાદાય દેવેભ્યઃ, શીઘ્રં દેહિ પ્રસીદ મે ॥૧॥
ગચ્છ ગચ્છ સુરશ્રેષ્ઠ, સ્વસ્થાને પરમેશ્વર ! ।
યત્ર બ્રહ્માદયો દેવાઃ, તત્ર ગચ્છ હુતાશન ॥૨॥
યાન્તુ દેવગણાઃ સર્વે, પૂજામાદાય મામકિમ્ ।
ઈષ્ટકામસમૃદ્ધયર્થં, પુનરાગમનાય ચ ॥૩॥

ત્યારપછી હાજર રહેલ માણસોના હાથમાં ફૂલચોખા આપો તથા વરવહુની ઉપર 'મંગલં ભગવાન વિષ્ણુ' અથવા બીજો કોઈ માંગલિક મંત્ર બોલતાં બોલતાં ફૂલચોખાથી વધાવો. પ્રસાદની વહેંચણી વગેરેની વિધિ સુવિધા મુજબ ચલાવો. જયઘોષનો ક્રમ રાખી શકાય છે.

સંસ્કાર પૂર્ણ થયે પોતાના કુળના રિવાજ મુજબ જે કંઈ શિષ્ટાચાર કરવામાં આવતા હોય તે કરવા. બધી જગ્યાએ લગ્ન પછી નવદંપતીને એક સાથે દેવદર્શન કરાવવા લઈ જાય છે. જ્યાં શક્તિપીઠ હોય ત્યાં લઈ જવાં, પોતાના ઘરના દેવસ્થાને લઈ જવાં અથવા કોઈ નક્કી કરેલ દેવસ્થાને જઈને દેવદર્શન કરાવવાં. પછી કૌટુંબિક શિષ્ટાચારની વિધિ કરાવી શકાય છે.

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.